RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદ
શ્રી સૂર્યવંશી વિજયતે
સંનિષ્ઠા, સંગઠન, સેવા દ્વારા સિદ્ધિ


વર્ષ : ૫
એપ્રિલ - ૨૦૧૬
કિંમત - રૂ.૧૦/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ





# માતૃસંસ્થાની અટારીએથી...

## પૂ. હિન્ડોચાબાપાની કર્મભૂમિમાં...

પરમપ્રિય જ્ઞાતિબંધુ – ભગિનીઓ,

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

આજથી લગભગ સવાસો વર્ષ પહેલાં લોહાણા સમાજના સંગઠનનો પાયો નાખનાર અને આપણા સમાજમાં સંગઠનના વિચારનું બિજારોપણ કરનારા પ્રાતઃસ્મરણીય, પરમ વંદનીય શ્રી હિન્ડોચાબાપાની કર્મ ભૂમિ એવા સૌરાષ્ટ્ર પંથકના જામનગર અને ખંભાળિયાની પાવન ધરતીના અને ત્યાં વસતા જ્ઞાતિજનોના દર્શન કરવાનો અમૂલ્ય અવસર સમગ્ર વિશ્વના રઘુવંશી લોહાણા સમાજની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠકને નિમિત્તે મળ્યો. માતૃસંસ્થાનું પ્રમુખપદ ગ્રહણ કર્યા પછીની કારોબારી સમિતિની આ દ્વિતીય બેઠક હતી. કારોબારી સમિતિના મંચ પર સ્થાન ગ્રહણ કરતી વખતે ઉત્સાહ અને ઉમંગના માહોલની વચ્ચે મનમાં સતત જે વિચાર ચાલતો તે એ હતો કે વંદનીય શ્રી હિન્ડોચાબાપાએ આપણા સમાજને સંગઠિત કરવા માટે દાયકાઓ પહેલાં ઉઘાડા પગે યાત્રા શરૂ કરી હશે, ત્યારે તેમણે કેટલાં કષ્ટો સહન કર્યા હશે ! ટાઢ – તડકો, ભૂખ અને તરસની પરવા કર્યા વિના ગામે – ગામ ફરીને જ્ઞાતિજનોને સંગઠિત થવાની આહ્‌લેક પોકારનાર આપણા એ આદ્ય સંગઠકના ચરણોમાં સ્વાભાવિક રીતે જ મસ્તક ઝૂકી જાય છે. ઓગણીસમી સદીના આખરી દાયકામાં પૂજ્ય હિન્ડોચાબાપાએ સમાજ સંગઠનના રોપેલાં બીજને આજે વિશાળ વટવૃક્ષના રૂપમાં નિહાળતાં અંતરમાં અનેરો આનંદ થાય છે. પરંતુ સાથોસાથ એ જ સમયે જે બીજો વિચાર મનમાં સ્ફૂરતો હતો તે એ હતો કે માતૃસંસ્થાના સંગઠનના વ્યાપ અને વિશાળતાથી સંતોષ માનીને ચાલી નહીં શકાય. પૂજ્ય હિન્ડોચાબાપા અને ત્યાર પછી તેમને અનુસરીને સમાજના સંગઠન માટે મહા પુરૂષાર્થ કરનારા આપણા સમાજના મહાજન શ્રેષ્ઠીઓનો આ સંગઠન પાછળનો ઉદ્દેશ અને ધ્યેય તો જ્ઞાતિબંધુઓના સર્વાંગી ઉત્કર્ષ અને કલ્યાણનો હતો. આપણા સમાજની તમામ પ્રકારની સમસ્યાઓનો ઉકેલ આપણે સાથે બેસીને પરસ્પરના સહકાર અને સહયોગથી લાવીએ, જ્ઞાતિજનોના દુઃખ દર્દને સંગઠન શક્તિ દ્વારા મિટાવીએ, પ્રત્યેક પરિવારને સંગઠનની હૂંફ અને હમદર્દી મળે અને સમાજમાં ખુમારી સાથે, આત્મગૌરવ સાથે જીવન જીવી શકે એવો ઉમદા હેતુ આ સંગઠન નિર્માણ પાછળનો રહ્યો છે અને એ હેતુને સંપૂર્ણપણે સિધ્ધ કરી શકાય નહીં ત્યાં સુધી આપણે જંપીને બેસી શકીએ નહીં. પૂ. હિન્ડોચાબાપાની કર્મ ભૂમિમાંથી જાણે ઊંડે – ઊંડે આવો સાદ સંભળાતો હતો. માતૃસંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યો માટે તો એ પ્રેરણાભૂમિ હતી. એ ધરતી પર માતૃસંસ્થાને આવકારવાનો આનંદ યજમાન શ્રી જીતુભાઈ લાલ અને સમસ્ત કારોબારી સમિતિના પ્રતિનિધિઓના આવકાર, સ્વાગત અને નિવાસ, ભોજન, યાતાયાત સહિતની ઉત્તમ સુવિધાઓમાં કાઠિયાવાડી મહેમાનગતિના દર્શન થતા હતા.

પરંતુ એથી યે વિશેષ મહત્ત્વની અને ઉલ્લેખનીય બાબત એ હતી કે સવારના કારોબારી સમિતિની બેઠકના સત્ર બાદ સાંજે સમસ્ત હાલારના લોહાણા સમાજના મહાસંમેલનનું આયોજન યજમાનશ્રીએ જામનગર ખાતે કર્યું હતું. આ મહાસંમેલનના માધ્યમથી મહાપરિષદ અને તેના પ્રતિનિધિઓને હાલારના જ્ઞાતિજનો સાથે પ્રત્યક્ષ સંપર્ક અને એ સૌને સીધા મહાપરિષદ સાથે જોડવાનો અવસર ઉપલબ્ધ થયો. મહાપરિષદ માટે આથી રૂડો બીજો અવસર હોઈ ન શકે. આવા સંમેલનો દ્વારા જ જ્ઞાતિજનોને માતૃસંસ્થાનો અને તેના કામનો પ્રત્યક્ષ પરિચય કરાવી શકાય છે. એ અર્થમાં હાલારને અનુસરીને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં અને દેશના અન્ય રાજ્યોમાં વસતા જ્ઞાતિજનોના આવાં સંમેલનો યોજાય તો એ સંગઠનને માટે ઉપકૃત બની શકે એમ લાગે છે. આ વિચારમાંથી બીજી દિશાઓ ખુલશે. અસ્તુ...

આપ સૌનો શુભાકાંક્ષી

**પ્રવિણ ટી. કોટક**

**પ્રમુખ - શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : ૫
એપ્રિલ - ૨૦૧૬
અંક : ૫૩
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : તરૂણ દત્તાણી
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)
રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (રાયપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : ૧૮ સળંગ અંક : ૨૧૧


ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
ઇન્ડેક્સ + ભાણસાહેબની દિવ્ય વાણીનો પ્રભાવ ........ ૩
તંત્રી લેખ ........ ૪
કારોબારી સમિતિ સભા જામનગર - અહેવાલ ........ ૫
હાલાર રઘુવંશી સંમેલન ........ ૧૬
થેલેસેમિયા નાબૂદી અભિયાન ........ ૧૮
સ્થાયી સમિતિઓના અહેવાલ ........ ૧૯
મહિલા વિભાગ ........ ૨૦
સંસ્થા સમાચાર ........ ૨૧
રઘુવંશી ગૌરવ દિન ........ ૨૨
શુભેચ્છા-જાહેરાત સૌજન્ય : દિપકભાઈ ઠક્કર ........ ૨૪

# ભાણસાહેબની દિવ્ય વાણીનો પ્રભાવ પ્રેરણા




ઈ.સ. ૧૭૨૯ની વાત છે. સંત કવિ ભાણસાહેબ વડોદરા નજીકના ગોતરી ગામેથી શેરખી ગામે સંઘ સાથે પધારે છે. શેરખી એ સમયે નાનકડી ઠકરાત હતી. એ વર્ષોમાં ગામના ઠાકોર જિમભાઈ પરમાર હતા. બન્યું એવું કે ઠાકોરના ભાઈ હરિસિંગ થોડા સમય માટે બહારગામ ગયા.

તેમની બે પત્નીઓ ઘરમાં એકલી હતી. એ દરમિયાન બે તાંત્રિક બાવાઓ ગામમાં આવ્યા અને હરિસિંગની સ્વરૂપવાન પત્નીઓ પર આસક્ત થયા. ઘરના પુરુષ વિનાનું હોવાથી તાંત્રિકો વશીકરણમાં ફાવી ગયા. બંને સ્ત્રીઓ બાવા પાછળ ચાલી નીકળી. ભાણસાહેબ શેરખી પહોંચ્યા ત્યારે હરિસિંગની બંને પત્નીઓ ગામની બહાર બાવા સાથે રહેતી અને એની આજ્ઞા મુજબ કામ કરતી. હરિસિંગ કે ઠાકોરનું તાંત્રિકો સામે કાંઈ ઉપજતું નથી. એ પછી ભાણસાહેબના આગમન સાથે તેમનું શાતા પમાડતું સ્વરૂપ નિહાળીને હરિસિંગ અને ગામના ઠાકોર વગેરે ભાણસાહેબ પાસે આવે છે અને ગામને તાંત્રિકોના ત્રાસમાંથી મુક્ત કરાવવા વિનંતી કરે છે. માત્ર રામનામને વરેલા ભાણસાહેબ એક સવારે સમજાવે છે કે ''કપટી, કુવેશી, કુ-મારગી પર પ્રભુ ક્રોધ કરે છે, કામણ - ટૂમણ માત્ર અધોગતિ છે, સાધુ પુરુષે એનાથી દૂર રહેવા જેવું છે...'' ભાણસાહેબના આવા નિર્ભય અને આત્મશ્રધ્ધાપૂર્ણ વચનો અને તેમની વાણીની દિવ્યતાનો તાંત્રિકો પર પ્રભાવ પડે છે અને તેઓ બંને સ્ત્રીને છોડીને ચાલ્યા જાય છે. શેરખીના ઠાકોર અને ગ્રામજનોને આ ઘટના ચમત્કાર જેવી લાગે છે. ભાણસાહેબની દિવ્ય પ્રતિભાના પરચા પછી ઠાકોર અને પ્રજાજનોએ ભાણસાહેબને ત્યાં જ રહી જવા આગ્રહ કરી ઠાકોર સાહેબે તેમને ગામમાં જમીન આપી. આમ, ભાણસાહેબની સૌ પ્રથમ જગ્યા શેરખી ગામે નિર્માણ પામી અને ત્યાંથી ચોમેર સંત શ્રી ભાણસાહેબની દિવ્યતાની સુવાસ પ્રસરી રહી.



# સ્નેહીજનોને અમૂલ્ય સોગાદરૂપે શ્રી રઘુકૂળ વિશ્વનું સભ્યપદ આપો

શ્રી લોહાણા મહાપરિષદના મુખપત્ર ‘શ્રી રઘુકુળ વિશ્વ’ના પ્રચાર – પ્રસાર માટે માતૃસંસ્થા દ્વારા અવિરત ઝુંબેશ ચાલી રહી છે. માતૃસંસ્થાના સંગઠન અને પ્રવૃત્તિઓના વિસ્તારની સાથે ‘શ્રી રઘુકુળ વિશ્વ’ના પ્રસારને પણ અપાઈ રહેલું મહત્ત્વ એ સંગઠનના સૂત્રધારોની દીર્ઘદ્રષ્ટિનું પરિચાયક છે. સંગઠનના સ્થૂળ વિસ્તારની સાથે જો તેમાં બૌધ્ધિક અને વૈચારિક શક્તિનું સમર્થન અને આધાર ન હોય તો એ સંગઠન ક્ષતિયુક્ત બની રહે છે. મજબુત વૈચારિક પાયા પર ખડું થયેલું સંગઠન જ ધ્યેયના માર્ગ પર આગળ વધી શકે છે. સંગઠન અને તેની વિવિધ પ્રવૃત્તિઓને સમયાંતરે વૈચારિક ઊર્જાની જરૂરત રહે છે. આ ઊર્જા ‘શ્રી રઘુકુળ વિશ્વ’ જેવું સામયિક જ પૂરી પાડી શકે છે. એ જ રીતે સંગઠન અને તેની પ્રવૃત્તિઓના સૂત્રધારોના વૈચારિક મંથનનું પ્રતિબિંબ ‘શ્રી રઘુકુળ વિશ્વ’માં ઝીલાવું જોઈએ. સંગઠન અને સામયિક એકબીજાના પૂરક અને માર્ગદર્શક બનીને ચાલે ત્યારે એ સમાજનું દિશા–દર્શન કરાવી શકે છે. સદ્‌ભાગ્યે આજે સંગઠન અને સામયિક એ દિશામાં આગળ વધી રહ્યા છે. માતૃસંસ્થા રઘુવંશી સમાજની પ્રત્યેક વ્યક્તિની પ્યારી પ્રવૃતિ બની રહેવી જોઈએ અને એ કાર્ય આગળ ધપી રહ્યું હોવાનો પુરાવો પ્રત્યેક લોહાણા પરિવારમાં ‘શ્રી રઘુકુળ વિશ્વ’ની હાજરીને ગણવા જોઈએ. આ એક માપદંડ બની શકે. માતૃસંસ્થાની પ્રવૃતિઓ અને તેને વિશેની ઉપયોગી પુરક માહિતીને ઘેર–ઘેર નિયમિત રીતે પહોંચાડવાનું સક્ષમ માધ્યમ ‘શ્રી રઘુકુળ વિશ્વ’ જ હોઈ શકે. માતૃસંસ્થા દ્વારા ચાલતી અનેક પ્રકારની કલ્યાણ પ્રવૃત્તિઓનો લાભ મેળવવાની દિશા અને માર્ગદર્શન પણ શ્રી રઘુકુળ વિશ્વના માધ્યમથી મળી શકે. જે લોકો તેનાથી લાભાન્વિત થઈ રહ્યા છે તેને વિશેની માહિતી અને આ પ્રવૃત્તિઓની સમાજ પર કેવી સકારાત્મક અસરો થઈ રહી  છે એ જાણવાનું સાધન પણ આખરે તો રઘુકૂળ વિશ્વ જ બની રહેશે. શ્રી રઘુકૂળ વિશ્વ એ મહાજન સંસ્થાઓ અને સમાજનું પથદર્શક બની રહે એવી સ્થિતિના સર્જન તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તેની અનેકવિધ સમિતિઓના માધ્યમથી વિવિધ ક્ષેત્રોમાં પ્રવૃત્તિઓ વિકસાવી રહી છે તેના સારાં પરિણામો પણ હવે જોવા મળી રહ્યા છે. આ પ્રવૃત્તિઓના વિસ્તાર અને સંગઠનના વ્યાપના પ્રમાણમાં ‘શ્રી રઘુકુળ વિશ્વ’નો પ્રસાર ઓછો છે એટલે તેમાં વધારો કરવાને ઘણો અવકાશ છે. એ ત્યારે જ શક્ય બને કે જ્યારે પ્રત્યેક સમિતિ તેની પ્રવૃતિના ભાગરૂપે ‘શ્રી રઘુકુળ વિશ્વ’ના સભ્ય બનવાનો સૌને માટે આગ્રહ રાખે. આવું થાય તો પ્રવૃત્તિની સાથે માતૃસંસ્થાના મુખપત્રનો પ્રસાર સમાંતર રીતે થતો રહે અને વિકાસનું સંતુલન જળવાઈ રહે. માતૃસંસ્થાના નેજા હેઠળ કાર્યરત સમિતિઓએ તેને માટે હઠાગ્રહની રીતે આગ્રહ રાખવો પડશે. શ્રી રઘુકુળ વિશ્વનું સભ્યપદ જીવનમાં એક જ વાર મેળવવાનું છે. તેનું લવાજમ આજીવન પ્રકારનું છે. એક વખત સભ્ય બન્યા પછી જીવનભર આ સામયિક પરિવારમાં આવતું રહેશે એટલે આપણે કોઈને ગિફ્ટ કે સોગાદના સ્વરૂપમાં પણ શ્રી રઘુકુળ વિશ્વનું સભ્યપદ આપી શકીએ. લોહાણા સમાજના પરિવાર માટે  એ જીવનભરની અમૂલ્ય સોગાદ બની રહેશે. આર્થિક રીતે સક્ષમ લોકોએ આ દિશામાં પણ વિચારવું જોઈએ અને આ રીતે ‘શ્રી રઘુકુળ વિશ્વ’ને ઘેર ઘેર પહોંચાડવાના મિશનમાં ઉપયોગી થવું જોઈએ. સમાજનું કાર્ય અનેક રીતે થઈ શકે છે. તેમાંની આ પણ એક રીત છે એવું સ્વીકારવાનો સમય પાકી ગયો છે. શ્રી રઘુકુળ વિશ્વના પ્રસારની ઝુંબેશમાં કઈ રીતે ઉપયોગી બની શકાય એ દિશામાં આપ સૌ પણ અનોખી રીતે વિચારી શકો છો. આખરે તો આપણા સૌનો ઉદ્દેશ એક જ છે. – રઘુવંશી લોહાણા સમાજનો ઉત્કર્ષ.

તરુણ દત્તાણી
તંત્રી

# શ્રી લોહાણા મહાપરિષદની તા. ૩ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ જામનગર મુકામે યોજાયેલી કારોબારી સમિતિની બેઠકનો અહેવાલ



લોહાણા મહાજન વાડી, જામનગર



૧ એપ્રિલના રોજ મહાજનવાડી ખાતે કાર્યકર મિત્રો સાથે

સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સભા સમસ્ત હાલાર લોહાણા સમાજના યજમાનપદે અત્યંત સફળતાપૂર્વક જામનગર મુકામે યોજાઈ ગઈ. આ મીટીંગમાં દેશભરમાંથી વિવિધ સંસ્થાઓ તથા મહાજનોના પ્રતિનિધિઓએ હાજરી આપી. અગાઉ નિર્ધારિત થયા મુજબ તા. ૧ એપ્રિલ ૨૦૧૬ ને શુક્રવારના રોજ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા સક્રિય કાર્યકર્તાઓની ટીમ સાંજે જામનગર મુકામે પહોંચી હતી જ્યાં યજમાન સંસ્થાના સંયોજક શ્રી જીતુભાઈ લાલે હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું. સહેજપણ સમય ગુમાવ્યા વિના શ્રી પ્રવિણભાઈએ વિનંતી કરતા શ્રી જીતુભાઈ સાથે તમામ પ્રતિનિધિઓના ઉતારાઓ તેમજ કારોબારી મીટીંગના સ્થળની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત શ્રી પ્રવિણભાઈએ આગામી બે દિવસના કાર્યક્રમ માટે મહાજનના કારોબારી સભ્યો તેમજ સ્વયંસેવકોની મીટીંગમાં પણ શ્રી લોહાણા મહાજન વાડી ખાતે હાજરી આપી સૌને પ્રોત્સાહિત કર્યા હતા અને સૌને મળવા બદલ આનંદની લાગણી અનુભવી હતી. ત્યારબાદ લગભગ રાત્રે ૨.૦૦ કલાકે તમામ અગત્યની ચર્ચાઓ અને સૌની વ્યવસ્થા અંગે સંતોષ વ્યક્ત કરી સૌ છૂટા પડ્યા હતા. તા. ૨ એપ્રિલ ૨૦૧૬ને શનિવારે સવારે દેશભરમાંથી પ્રતિનિધિઓનું આગમન શરૂ થઈ ગયું હતું. તમામ પ્રતિનિધિઓને ઉતારા માટે તેમજ એક સ્થળેથી બીજા સ્થળે લાવવા લઈ જવા માટે પણ વાહનવ્યવહારની સુંદર વ્યવસ્થા સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવેલ. વહેલી સવારથી જ આવી રહેલા તમામ પ્રતિનિધિઓ માટે ચા–નાસ્તાની સુંદર વ્યવસ્થા મહાજન વાડી ખાતે કરવામાં આવેલ. સવારે ૧૦.૩૦ કલાકે પંચેશ્વર ટાવર ખાતે આવેલી મહાજન વાડીએ અતિ પ્રાચીન એવા રામમંદિર તેમજ શિવ મંદિરે દર્શન કરી આયોજીત પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત થઈ સમગ્ર વિસ્તારમાંથી પધારેલા પ્રેસ અને મિડિયાના મિત્રોને શ્રી જીતુભાઈ લાલ, શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી દ્વારકાદાસ રાયચુરા, શ્રી અરવિંદભાઈ પાબારી, શ્રી વજુભાઈ પાબારી તથા અન્ય મહાનુભાવોએ સંબોધિત કર્યા હતા. અખબાર જગતના મિત્રોએ પણ પ્રશ્ન ઉત્તરના પરિસંવાદથી કાર્યક્રમને સુંદરતા બક્ષી હતી.



પ્રેસ કોન્ફરન્સ સંબોધિત કરતી વેળાએ

અત્રે શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી લોહાણા મહાપરિષદ તેની વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી ઘર ઘર સુધી પહોંચે તે માટે મિડિયાના મિત્રોને હકારાત્મક ભૂમિકા ભજવી માતૃસંસ્થાની સેવા કરવા માટે અનુરોધ કર્યો હતો. લગભગ બપોરે ૧૨.૦૦ કલાકે જામનગર ખાતે આવેલા કન્યા છાત્રાલયની મુલાકાત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા તેમની ટીમે લીધી હતી. અત્રે શ્રી દ્વારકાદાસભાઈ રાયચુરા તથા



લોહાણા કન્યા છાત્રાલયની મુલાકાતે

શ્રી વજુભાઈ પાબારીએ કન્યા છાત્રાલયની વ્યવસ્થા અંગેની સંપૂર્ણ માહિતી આપી હતી. કન્યા છાત્રાલયની મુલાકાત લીધા બાદ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા ટીમે કારોબારી મીટીંગના સ્થળે કરેલ તમામ વ્યવસ્થાઓથી શ્રી જીતુભાઈ લાલે સૌને માહિતગાર કર્યા હતા. આ અંગે પણ સૌએ સંતોષ વ્યક્ત કરી ફરી મહાજન વાડી ખાતે સૌ ભોજન – પ્રસાદ લેવા પહોંચ્યા હતા. બપોરે ૩.૦૦ કલાકે નિર્ધારિત કાર્યક્રમ અનુસાર સૌ ભગવાન દ્વારદાધીશના દર્શને જવા રવાના થયા હતા. લગભગ સાંજે ૫.૩૦ કલાકે સૌ દ્વારકા પહોંચ્યા હતા જ્યાં દ્વારકા લોહાણા મહાજનના શ્રી મનસુખભાઈ બારાઈ તથા અન્ય જ્ઞાતિશ્રેષ્ઠીઓએ શ્રી લોહાણા મહાપરિષદની ટીમનું સ્વાગત કર્યું હતું. અત્રે શ્રી લોહાણા મહાપરિષદની ટીમ દ્વારા ધજાપૂજનનો કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ભક્તિમાં ભાવવિભોર થઈ અત્યંત ઉત્સાહ સાથે ધજાજીને દ્વારકાધીશ મંદિરમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં સર્વાવતારી ભગવાન શ્રી દ્વારકાધીશના દર્શન કરી સૌએ ધન્યતા અનુભવી હતી અને થોડા જ સમયમાં ધજા આરોહણના દર્શન કરી ભગવાન દ્વારકાધીશના આશીર્વાદથી અભિભૂત થઈ ગોમતીજીના ચરણસ્પર્શ કરી પરત ફર્યા હતા.



દ્વારકાધીશની ધજા પૂજનની દિવ્ય ક્ષણો

દ્વારકાધીશના દર્શન, ધજાજી, પૂજન તથા આરોહણ અને રસ્તામાં રાત્રી ભોજનની સુંદર વ્યવસ્થા શ્રી જીતુભાઈ લાલ, શ્રી અરવિંદભાઈ પાબારી, શ્રી




સવારે ૭-૧૫ કલાકે રજીસ્ટ્રેશન ટીમ સજ્જ..



પ્રતિનિધીઓને આવકાર... સ્વાગત...

દિનેશભાઈ મારફતિયા તથા ટીમના તમામ સભ્યો દ્વારા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલ.

તા. ૩ એપ્રિલને રવિવારે કુંવરબાઈ જૈન ધર્મશાળા ખાતે અલ્પાહાર તથા રજીસ્ટ્રેશન સવારે ૮.૦૦ કલાકથી શરૂ થઈ ગયું હતું સમગ્ર સમાજ માટે કાર્ય કરવા થનગની રહેલા કારોબારી સભ્યો વહેલી સવારથી જ આવવાના ચાલુ થઈ ગયા હતા. અત્રે સવારે ૮.૩૦ કલાકે આ જ સ્થળ ઉપર ટ્રસ્ટ બોર્ડની મીટીંગ યોજાઈ હતી જેમાં મંત્રી શ્રી હિમાંશુભાઈ તથા ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકે શ્રી લોહાણા મહાપરિષદના ગત માસમાં થયેલા આયોજનો, આવક–જાવકના હિસાબો તથા આગામી સમયમાં સુચિત / પ્રસ્તાવિત પ્રોજેક્ટ્સ અને તે અંગેની નાણાંકીય વ્યવસ્થાથી તમામ ટ્રસ્ટીશ્રીઓને માહિતગાર કર્યા હતા અને બહાલી મેળવી હતી. તમામ ટ્રસ્ટીશ્રીઓએ શ્રી લોહાણા મહાપરિષદની ટીમની સક્રિયતા અંગે પ્રવિણભાઈ કોટકને અભિનંદન આપ્યા હતા અને સાથે સાથે સુવ્યવસ્થિત માળખાકીય વ્યવસ્થાને મજબુત કરવા માટે જે પણ વ્યવસ્થાની જરૂર હોય તે ઊભી કરવા માટે અનુમોદન આપ્યું હતું.



ટ્રસ્ટ બોર્ડની બેઠકના સમાપન સમયે...



કારોબારી સમિતી સભા... દીપ પ્રાગટ્ય

સવારે ૧૦.૩૦ કલાકે રઘુવંશી ધ્વજવંદન ગીત દ્વારા મુખ્ય હોલમાં કારોબારી સભાની શરૂઆત કરવામાં આવી. દીપ પ્રાગટ્યના માધ્યમ દ્વારા

કારોબારી મીટીંગ શરૂ કરવામાં આવી હોલના અગ્ર ભાગમાં તમામ હોદ્દેદારો નિર્ધારિત જગ્યા ઉપર ગોઠવાયા હતા અને તેના પછી તમામ કારોબારી સભ્યોએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. મીટીંગ શરૂ થયા પહેલાં આખો હોલ ખીચોખીચ ભરાઈ ચૂક્યો હતો. અત્રે સમસ્ત હાલાર લોહાણા સમાજના સંયોજક શ્રી જીતુભાઈ લાલે આવકાર પ્રવચન કરતા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી મીટીંગ જામનગર મુકામે યોજવા બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કરી પોતાની જાતને ભાગ્યશાળી ગણાવી હતી. ઉદ્ઘોષક શ્રી જીતેન્દ્ર ઠક્કરે ગત છ માસમાં દિવંગત થયેલા રઘુવંશી ભાઈ-બહેનોના નામો જાહેર કરી બે મિનિટ મૌન પાળી સૌએ સદ્‌ગતને શ્રધ્ધાંજલિ અર્પી હતી. ત્યારબાદ અનિવાર્ય સંજોગોના કારણે હાજર ન રહી શકેલા હોદ્દેદારો તથા કારોબારી સભ્યોના નામનું વાંચન પણ શ્રી જીતેન્દ્ર ઠક્કરે કરી તેમની રજા મંજૂર કરવા માટે કારોબારી સભાની બહાલી મેળવી હતી. ત્યારબાદ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ગત્ તા. ૧૦, ૧૧ ઓક્ટોબરના રોજ સુરત મુકામે યોજાયેલી કારોબારી મીટીંગની મિનિટ્સનું વાંચન કરી સભાની બહાલી મેળવી હતી અને મીટીંગની મિનિટ્સ પર પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના હસ્તાક્ષર મેળવ્યા હતા. એજન્ડા મુજબ આગળ વધતાં ગત છ માસમાં શ્રી લોહાણા મહાપરિષદની ટીમને કાર્યાન્વિત બનાવવા માટે યોજાયેલી તબક્કાવાર મીટીંગો અંગેની વિગતવાર માહિતીની રજૂઆત એલ.ઈ. ડી. સ્ક્રીન પરથી કરવામાં આવેલ. આ ઉપરાંત તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ પૂ.ભાણસાહેબ સમાધિસ્થાન, કમીજલા ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનની અભૂતપૂર્વ સફળતા તથા તેના આયોજન અંગેનો અહેવાલ પણ એલ.ઈ.ડી. સ્ક્રીન પરથી શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કરના પરિસંવાદ રૂપે પ્રસારિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મિરાણી તથા જામનગર શહેર ભાજપ પ્રમુખ શ્રી હસમુખભાઈ હિંડોચા તથા યુ.કે.ના પ્રભુદાસભાઈ ગોરધનભાઈ કોટકનું અભિવાદન કરવામાં આવ્યું હતું. એજન્ડા તરફ આગળ વધતાં દેશભરના મોટા શહેરોમાં જરૂરિયાતમંદ


જીતુભાઈ લાલ


જીતેન્દ્ર ઠક્કર


આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનના અહેવાલની પ્રસ્તાવના


હિમાંશુ ઠક્કર


હરીશ ઠક્કર


વિશિષ્ટ સન્માન મેળવતા... યુ.કે.ના શ્રી પ્રભુદાસભાઈ, જામનગરના શ્રી હસમુખભાઈ તથા રાજકોટના શ્રી કમલેશભાઈ

દર્દી તથા તેના પરિવારને ઉતારાની વિનામૂલ્યે સગવડ મળે તે માટે વ્યવસ્થા ઊભી કરવા માટે આ પ્રકારની અનુકૂળતા ધરાવતા રઘુવંશી શ્રેષ્ઠીઓને આગળ આવવા સંયુક્ત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે અપીલ કરી હતી. અત્રે શ્રી રાજકોટ લોહાણા મહાજન દ્વારા કાશ્મીરાબેન નથવાણીએ બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ તથા પથિકાશ્રમખાતે આ વ્યવસ્થાની જાહેરાત કરી હતી. અત્રે અખિલ કચ્છ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી બળવંતભાઈ ઠક્કરે પણ ભૂજ ખાતે સંસ્થાના ભવનમાં આ વ્યવસ્થા વિનામૂલ્યે આપવાની જાહેરાત કરી હતી. અત્રે અમદાવાદ ખાતે હોટલ ઉમંગભાઈ ઠક્કરના ધર્મપત્ની શ્રીમતી રીટાબેન ઠક્કરે નિલકંઠ ગ્રુપની હોટલો તથા ગુજરાત વિભાગના યુવા અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્યએ હોટલ રોયલ ખાતે આ વ્યવસ્થા માટે જાહેરાત કરેલ. આ ઉપરાંત રાજકોટની હોટેલ ગેલેક્ષી ખાતે શ્રી રાજુભાઈ પોબારુ તથા શ્રી નીતીનભાઈ નથવાણીએ આ વ્યવસ્થા માટે જાહેરાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ અમદાવાદ ખાતે કચ્છી વિશ્રાંતિ ગૃહ, શાહીબાગ તેમજ રીલીફ રોડ ખાતે લોહાણા મિલન ગૃહઉદ્યોગ ચેરિટેબલ ટ્રસ્ટ તથા મુંબઈ ખાતે રાઘે સેનીટોરીયમમાં આ વ્યવસ્થા શરૂ કરાયેલ છે તેની પણ નોંધ લીધી હતી. ત્યારબાદ થેલેસેમિયા જાગૃતિ અભિયાન અંગે થઈ રહેલા વિશેષ કાર્યો અંગે ડૉ. રમેશભાઈ ભાયાણીએ રજૂઆત કરી હતી અને આ અભિયાનને વેગવંતુ બનાવવા સૌને અપીલ કરી હતી. વર્ષ ૨૦૧૬ને


ડૉ. રમેશ ભાયાણી



ધર્મેશભાઈ હરીયાણી



કે. સી. ઠક્કર



ચંદ્રકાન્તભાઈ તન્ના



શશીકાંતભાઈ કાનાણી



હિંમતભાઈ કોટક

થેલેસેમિયા નાબૂદી અભિયાન વર્ષ તરીકે જાહેર કરેલ છે તેને દોહરાવતા આગામી ૮ મે ૨૦૧૬ ના રોજ ‘‘થેલેસેમિયા ડે’’ની ઉજવણી માટે પણ ગંભીરતાપૂર્વક આગળ આવવા સૌને અપીલ કરી હતી. ત્યારબાદ આરોગ્ય તથા શિક્ષણ સહાય માટે શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ પ્રેરક ઉદ્‌બોધન કરી સૌને માઁ સરસ્વતીના કૃપાપાત્ર બનવા સૌને અપીલ કરી હતી. આ અંગે કચ્છના ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કરે પણ શક્ય તેટલી ઝડપથી ઉચ્ચ શિક્ષણ માટે જરૂરિયાતમંદ અને તેજસ્વી રઘુવંશી વિદ્યાર્થી ભાઈ બહેનોને મદદરૂપ થવાની યોજના શરૂ કરવાની અપીલ કરી હતી. આ અંગે શ્રી કે. સી. ઠક્કરે એજ્યુકેશનનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, જો સમાજ શિક્ષિત બનશે તો બાકીના પ્રશ્નોનું આપોઆપ નિરાકરણ આવી જશે. આ અંગે કેળવણી સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ચન્દ્રકાન્તભાઈ તન્નાએ પણ ખુબ જ ભાવસભર ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ એજન્ડા મુજબ સ્વ.રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત અપાતી સ્કોલરશીપની યોજના ગત વર્ષ મુજબ જ ચાલુ રાખવાની જાહેરાત શ્રી શશીકાંતભાઈ કાનાણીએ કરી હતી. આ તબક્કે તેઓએ જણાવ્યું હતું કે, મહાજનશ્રી દ્વારા આ યોજનાના ફોર્મની સુવ્યવસ્થિત ચકાસણી થાય અને નિર્ધારિત સમય મર્યાદામાં આ યોજનાનો લાભ તમામ ભાઈ–બહેનો મેળવી શકે તે માટે રજુઆત કરી હતી. અત્રે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પણ આ તબક્કે મહાજનશ્રીઓ તથા સંસ્થાઓને સ્કોલરશીપ વિતરણ અંગે વિદ્યાર્થીઓના ચેક વિતરણના ફોટા ન પડાવવા તેમને વ્યક્તિગત રીતે ચેક વિતરણ કરી દેવા જણાવવામાં આવેલ. અત્રે ઉચ્ચ શિક્ષણ માટે લોન અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, મુંબઈ ખાતે શ્રી રઘુકુળ શિક્ષણ નિધિમાંથી નિયમાનુસાર માતૃસંસ્થાના કાર્યાલય પર આવેલી અરજીઓને શક્ય તમામ મદદ પૂરી પાડવામાં આવશે. આ અંગે શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી તથા શ્રી સતીષભાઈ વિઠલાણીએ પણ ટેલિફોનિક સંદેશામાં શક્ય તમામ રીતે મદદરૂપ થવાની ખાતરી આપી હતી. અત્રે શ્રી હિમાંશુભાઈ ઠક્કરે શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીના યોગદાનની પણ સરાહના કરી હતી. આગળના એજન્ડા મુજબ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સંકલિત તમામ મહાજનો તથા સંસ્થાઓ માટે આદર્શ મહાજનની માર્ગદર્શિકાનું વાંચન મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠાએ કરેલ. શ્રી લોહાણા મહાપરિષદ સાથે સંકલિત તમામ મહાજનો તથા સંસ્થાઓ ખભેખભા મિલાવી જ્ઞાતિ ઉત્કર્ષની પ્રવૃત્તિઓમાં કાર્યશીલ રહે અને તમામ સંસ્થાઓની ટીમ ચેતનવંતી બને અને યુવાનો તથા મહિલાઓની પણ આ ટીમમાં હિસ્સેદારી હોય તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ અંગે મંત્રી શ્રી હિમાંશુભાઈએ જણાવ્યું હતું કે, આ પ્રકારના ફોર્મમાં જરૂરી સૂચનો મેળવી કોર કમિટીના મીટીંગમાં ચર્ચા કરી ફોર્મ પ્રકાશિત કરવામાં આવશે તથા નિયમોને આધિન દેશભરના તમામ મહાજનો તથા સંસ્થાઓને માતૃસંસ્થામાં બંધારણીય રીતે જોડવાની જાહેરાત આગામી મધ્યસ્થ મહાસમિતિની મીટીંગમાં કરવામાં આવશે. આ અંગે દેશભરના તમામ મહાજનો, સંસ્થાઓ, છાત્રાલયો તથા જ્ઞાતિહિતના કાર્ય કરતા ટ્રસ્ટોની માહિતી સુસંકલિત કરી પ્રકાશિત કરવા માટે પણ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ સેવાકીય તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓને આર્થિક બળ મળે તે માટે શ્રી હિંમતભાઈ કોટક દ્વારા રજુઆત થતાં પ્રવૃત્તિઓનું ચિત્ર રજુ કરી અપીલ કરતા અમદાવાદના ટ્રેડબુલ સિક્યોરીટીઝના પ્રમોટર શ્રી દિનેશભાઈ ઠક્કરે રૂા. ૧૧ લાખનું અનુદાન જાહેર કરેલ. આ ઉપરાંત અમદાવાદના શ્રી યોગેશભાઈ ઠક્કરે તથા યુ. કે.ના રશ્મિભાઈ ચતવાણીએ રૂા. પાંચ લાખનું અનુદાન જાહેર કરેલ. અત્રે શ્રી મારફતિયા પરિવાર, શ્રી રણજીતભાઈ તથા શ્રી દિનેશભાઈ



પિયુષભાઈ ગંઠા



દાતાશ્રીઓ માતૃસંસ્થા દ્વારા સન્માનિત થતા...

મારફતિયા દ્વારા પણ શિક્ષણ માટે રૂા. પાંચ લાખનું અનુદાન જાહેર કરેલ. આ ઉપરાંત તા. ૧૧, ૧૨ જાન્યુઆરીના રોજ નાશિક મુકામે યોજાયેલી હોદ્દેદારોની મીટીંગમાં શ્રી જનકભાઈ ઠક્કર તથા શ્રી પરેશભાઈ તેજુરા દ્વારા પણ રૂા. ૫ લાખના તેમજ ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર દ્વારા રૂા. ૧ લાખના અનુદાનની જાહેરાત થયેલ જેની નોંધ લઈ આભારની લાગણી વ્યક્ત કરી હતી. અત્રે શ્રી દ્વારકાદાસભાઈ રાયચુરા (મોટાભાઈએ) રૂા. અઢી લાખ

તથા શ્રી ભરતભાઈ મોદીએ રૂા. ૧ લાખનું અનુદાન જાહેર કર્યું હતું. આ તમામ દાતાશ્રીઓને માતૃસંસ્થાના આ પ્રગતિપથમાં સહભાગી થવા બદલ વરિષ્ઠ હોદ્દેદારો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી રઘુકુલ વિશ્વના આજીવન સભ્યપદ માટે રૂા. ૨ લાખ નિતીનભાઈ રાયચુરા, રૂા. ૨ લાખ શ્રી સુરેશભાઈ ચંદારાણા તથા રૂા. ૨ લાખ હસુભાઈ ભગદેવ આ ત્રણેય રાજકોટના શ્રેષ્ઠીઓ તથા રૂા. ૧ લાખ કચ્છ વિભાગના હોદ્દેદારો તરફથી માતૃસંસ્થાને અર્પણ કરાયેલઅત્રે શ્રી લોહાણા મહાપરિષદના નવનિયુક્ત ઓડિટર શ્રી વસંતભાઈ અનારકટનું અભિવાદન કરવામાં આવ્યું હતું.


અશોકભાઈ લાલ


માતૃસંસ્થાના ઓડીટર શ્રી વસંતભાઈ અનારકટનું અભિવાદન

અત્રે આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડૉ. નંદલાલ માનસેતાએ પણ પોતાની લાગણીઓ રજુ કરી હતી અને દરેક રઘુવંશી જો ફક્ત એક રૂપિયો રોજનો આ ભગીરથ કાર્યમાં આપે તો ખુબ મોટું ફંડ સેવાયજ્ઞ માટે એકઠું થઈ શકે તેમ જણાવ્યું હતું. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની સેવા માટે તેમણે પોતાની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી.


ડૉ. નંદલાલ માનસેતા

અત્રે દક્ષિણ ભારત વિભાગના હોદ્દેદારોની નિમણૂંકની જાહેરાત કરતા દક્ષિણ ભારતના ઉપપ્રમુખ તરીકે શ્રી મુકેશભાઈ સાગલાણી (ગોવા), પ્રભારી તરીકે શ્રી રાજેશભાઈ રામાણી (હૈદરાબાદ), મહિલા વિભાગના અધ્યક્ષ તરીકે સુ શ્રી ધીરજબેન એસ. પોપટ (હૈદરાબાદ), પી.આર.ઓ. તરીકે શ્રી હેમંત રૂપારેલિયા (ચેન્નાઈ) તથા શ્રી રઘુકુળ વિશ્વના કો-ઓર્ડિનેટર તરીકે શ્રી રાજેશભાઈ પુજારા (ચેન્નાઈ)ની નિમણૂંક કરવામાં આવી હતી.

અત્રે શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (સંકલન) તરીકે અમદાવાદના શ્રી ભાવેશભાઈ શશીકાંતભાઈ લાખાણી, યાત્રા-પ્રવાસન સમિતિના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે જામનગરના શ્રી દિનેશભાઈ મારફતિયાની તેમજ બીઝનેસ એન્ડ ડેવલપમેન્ટના ચેરમેન તરીકે નાશિકના શ્રી દિગ્વિજયભાઈ કાપડીયાની નિમણૂંક કરવામાં આવી હતી. આ ઉપરાંત સાંસ્કૃતિક સમિતિના કન્વીનર તરીકે શ્રી વિરલભાઈ રાચ્છ, શ્રી લોહાણા મહાપરિષદના સહખજાનચી તરીકે શ્રી પ્રવિણભાઈ ભગદેવ, સહમંત્રી તરીકે શ્રી મનુભાઈ ગોકલાણી તથા વર્ષ ૨૦૧૬માં અપાનાર સ્કોલરશીપ માટેની કમીટીના કન્વીનર તરીકે શ્રી શશીકાંતભાઈ કાનાણીની નિમણૂંક કરવામાં આવી. અત્રે સૌરાષ્ટ્ર વિભાગના કો-ઓર્ડિનેટર તરીકે શ્રી રમેશભાઈ દત્તાણી, શ્રી મનોજભાઈ અમલાણી તથા શ્રી અનિલભાઈ ગોકાણીની નિમણૂંક કરવામાં આવેલ. આ તમામ હોદ્દેદારોને મંચ પરથી શપથ સાથેના નિમણૂંક પત્રો



વરિષ્ઠ હોદ્દેદારો દ્વારા અર્પણ કરવામાં આવેલ.

તમામ અગત્યની નિમણૂંકો બાદ આગળના એજન્ડા મુજબ શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ દ્વારા ટીમની જાહેરાત માટે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે રજુઆત કરતાં તમામ સમિતિના સભ્યોની યાદી સમયની મર્યાદાને ધ્યાનમાં રાખી આગામી શ્રી રઘુકુળ વિશ્વમાં પ્રકાશિત કરવા તમામ સમિતિ અધ્યક્ષશ્રીઓ તથા કારોબારી સભાની મંજૂરી મેળવી હતી. અત્રે શ્રી હિમાંશુભાઈએ થેલેસેમિયા સમિતિ, પર્યાવરણ સમિતિ, સ્કીલ ડેવલપમેન્ટ સમિતિ, પ્રોફેશનલ સમિતિ તથા રોજગાર સમિતિ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો બદલ આ તમામ સમિતિના

પદાધિકારીઓને અભિનંદન આપ્યા હતા.

અત્રે શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત ૧૭ આંતરરાષ્ટ્રીય એવોર્ડ અંગે જાહેરાત કરતા મંત્રી શ્રી હિમાંશુભાઈએ આગામી કારોબારી મીટીંગ દરમિયાન અલગથી એવોર્ડ સમારોહનું આયોજન કરી વર્ષ ૨૦૧૬ માટેના તમામ એવોર્ડ આ સમારોહમાં એનાયત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું અને આ અંગેની વિસ્તૃત માહિતી શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ પરથી મેળવવા માટે તેમણે વિનંતી કરી હતી.



સુ શ્રી અલકાબેન કોટક તથા સુ શ્રી રીટાબેન ઠક્કર

ત્યારબાદ મહિલા વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમતી નીમાબેન આચાર્યએ માતૃસંસ્થા દ્વારા થઈ ગયેલા કાર્યોની સરાહના કરી હતી અને ગામોગામ મહિલા પ્રતિનિધિની નિમણૂંક કરી બહેનોને સ્વાવલંબન તેમજ સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે સત્વરે યોગ્ય માળખાકીય વ્યવસ્થા ગોઠવી જરૂરિયાતમંદ પરિવારોને લાભાન્વિત કરવા માટે પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. અત્રે શ્રીમતી નિમાબેને સુ શ્રી અલકાબેન કોટકની વરિષ્ઠ મહિલા ઉપાધ્યક્ષ તથા સુ શ્રી રીટાબેન ઠક્કરની રાષ્ટ્રીય મહામંત્રી તરીકે નિમણૂંક કરી હતી. અત્રે શ્રી લોહાણા મહાપરિષદના તમામ વિભાગના ઉપપ્રમુખો વતી મહારાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરે સભાને ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે માતૃસંસ્થાના પ્રચાર પ્રસાર માટે રાજ્ય તેમજ જિલ્લા લેવલે પ્રતનિધિઓની નિમણૂંક કરવી જોઈએ અને તમામ વિભાગીય હોદ્દેદારોએ મહાજનશ્રીના સીધા સંપર્કમાં રહેવાથી પ્રવૃત્તિઓને સરળતાથી વેગ મળશે. સમયના અભાવે ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી તથા યજમાન સંસ્થા દ્વારા વિનંતી કરાતા અન્ય વરિષ્ઠ હોદ્દેદારોના ઉદ્‌બોધનોને મર્યાદિત કરી યુવા પાંખના અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા દ્વારા પ્રસ્તાવિત થનાર મિસ્ડકોલ પ્રોજેક્ટ તથા બ્લડસેવા અંગેની માહિતી સાંજના યોજનાર હાલાર રઘુવંશી સંમેલનમાં આપવાનું જણાવેલ. અત્રે નાશિક મુકામે યોજાયેલ હોદ્દેદારોની મીટીંગમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (સંગઠન) શ્રી નીતીનભાઈ રાયચુરા દ્વારા કોઈ દિવસને રઘુવંશી ગૌરવ દિન તરીકે ઉજવવાની રજુઆત કરતાં ચર્ચા વિચારણાના અંતે ભગવાન શ્રી રામચંદ્રના જન્મદિવસ એટલે કે રામનવમીને રઘુવંશી ગૌરવ દિન તરીકે ઉજવવાનો પ્રસ્તાવ શ્રી નીતીનભાઈ રાયચુરા વતી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે મુકતા તમામ કારોબારી સભ્યોએ હર્ષ અને ઉલ્લાસથી આ રજુઆતને વધાવી હતી. તમામ સંસ્થાઓ તથા મહાજનશ્રીઓ દ્વારા સંગઠન અને સેવાને બળ મળે તે રીતે આ દિનની ઉજવણી કરવા અનુરોધ કરાયો હતો. અત્રે માતૃસંસ્થાના ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી દ્વારા સભાને પ્રેરક ઉદ્‌બોધન કરાયું હતું અત્રે શ્રી યોગેશભાઈએ શ્રી પ્રવિણભાઈને તથા વરિષ્ઠ હોદ્દેદારોને નિમણૂંકો તથા કારોબારી સભામાં આમંત્રિતોની સંખ્યાને મર્યાદિત કરવા માટે ટકોર કરાઈ હતી. આ ઉપરાંત શ્રી યોગેશભાઈએ કારોબારી મીટીંગમાં આવતા પ્રતિનિધિઓ સ્વખર્ચે પોતાની રહેવાની વ્યવસ્થા કરે કે જેથી કરીને યજમાન સંસ્થાને ભારણ ન પડે તેવું પણ જણાવ્યું હતું. શ્રી યોગેશભાઈએ રઘુવંશી ગૌરવ દિનની ઉજવણી અંગે વાત કરતાં રઘુવંશીને શોભે તે રીતે વ્યવહાર અને કાર્યો અંગે ગંભીર થઈ સૌ પ્રથમ રઘુવંશી ધ્વજવંદન ગીત અને રઘુવંશી ધ્વજની ગરિમા જળવાઈ રહે તે માટે સતત સજાગ રહેવા માટે પણ સૌને અનુરોધ કર્યો હતો. અત્રે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી યોગેશભાઈએ વ્યક્ત કરેલ લાગણીઓ અંગે પ્રત્યુત્તર આપતા જણાવ્યું હતું કે, લોહાણા મહાપરિષદને સમૃદ્ધ બનાવવા તથા સંગઠનના ઉમદા હેતુને સર કરવા માટે જરૂરી નિમણૂંકો કરીશું તો માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની પ્રવૃત્તિઓને વેગ મળશે. આ ઉપરાંત શ્રી પ્રવિણભાઈ કોટકે જણાવ્યું હતું કે તમામ કારોબારી તથા આમંત્રિત સભ્યો સ્વખર્ચે રહેવા માટે રાજી જ હોય છે પરંતુ સુરત અને જામનગર બંને જગ્યાએ યજમાન જ્ઞાતિશ્રેષ્ઠીઓની લાગણીને આધિન અને તેમના ઉત્સાહથી પધારનાર તમામ સભ્યોને અતિથિ ગણી આ વ્યવસ્થા માટે આગ્રહપૂર્વકનો અનુરોધ કરેલ. આ અંગે સમય અને સંજોગોને આધિન નિર્ણય લઈ કોઈપણ આમંત્રણ આપનાર સંસ્થા કે મહાજનને ભારણ ન પડે તે માટે પોતાની સજાગતા અંગે જાણ કરી હતી. અત્રે શ્રી લોહાણા મહાપરિષદની આગામી કારોબારી મીટીંગ માટે ગોંદિયાથી શ્રી અજયભાઈ વડેરા તથા કચ્છ (ગાંધીધામ)થી શ્રી કે. સી. ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખને વિધિવત આમંત્રણ પાઠવ્યું હતું. શ્રી અશોકભાઈ લાલે પણ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના વિકાસ કાર્યોમાં તન, મન અને ધનથી સાથે રહેવાની અને હાલાર પંથકમાં જાગૃતિના કાર્યોને વેગવંતા બનાવવા માટે પણ પોતાની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી. અત્રે તમામ પ્રકારની સુંદર વ્યવસ્થાઓ તથા આતિથ્ય બદલ સમસ્ત હાલાર લોહાણા સમાજના સંયોજક શ્રી જીતુભાઈ લાલ તથા તેમની સમગ્ર ટીમનું માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું અને આભારવિધિ સાથે આ સભાને પૂર્ણ જાહેર કરવામાં આવેલ. બપોરે ૩.૦૦ કલાકે મહાજન વાડી ખાતે સૌએ ભોજન – પ્રસાદ લીધો હતો. ત્યારબાદ સાંજે યોજનાર પ્રોફેશનલ મીટ, કર્મચારી સંમેલન તથા હાલાર



ડો. નિમાબેન આચાર્ય



જીતુભાઈ ઠક્કર



ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી



(અનુસંધાન પાના નં.૧૫ પર)

જય રઘુવંશ.....

જય મહાપરિષદ.....


## હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**


## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)


## હાર્દિક શુભેચ્છા સહ

**સુરેશભાઇ એચ ચંદારાણા પરિવાર**
**ઉપપ્રમુખ (સૌરાષ્ટ વિભાગ), રાજકોટ**
**૯૮૨૪૦ ૬૬૩૭૫**

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

Nitin Raichura
98251 75353

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa
Shraddha Realities Pvt. Ltd.
Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

## શ્રી ભરત હંસરાજ દનાણી



પ્રભારી - શ્રી લોહાણા મહાપરિષદ
મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ
સર્વ લોહાણા જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા
તથા
જય ઝૂલેલાલ

ROYAL | EXPRESS
BETTERING TOMORROW

Sandeep Jayakar
Director - Operations
M : +91 93223 32038

**Universal Currency Exchange (I) Pvt. Limited**

Office : Shop No. 1, Chintamani Plaza, Andheri Kurla Road, Andheri (East)
Mumbai 400 099. Landline : 022 6500 0425 / 426 / 427
Email : sandeep@currencyexchange.net.in

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...

079 4008 2288

OUR SERVICES

- Domestic & International Air Tickets
- World Wide Hotel Booking
- Car & Bus on Rent
- Passport, Visa & Travel Insurance Assistance
- Rail & Bus Tickets
- Domestic & International Tour Packages

Address: UGF-7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com

## થેલેસેમિયા ભગાવો...... સમાજ સુરક્ષિત બનાવો....

**હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧**

**Jalaram Transport Co.**

FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT

H.O. 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile 93773 56824 To 26
E-mail jalaram.transport@yahoo.com
E-mail jalaramtransportraj@gmail.com

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

**હાર્દિક શુભેચ્છા સહ**

**બિપીનભાઇ બાટવિયા પરિવાર**

**હાર્દિક શુભેચ્છા સહ**

**ભરતભાઇ ચંદારાણા પરિવાર**

**હાર્દિક શુભેચ્છા સહ**

**સુરેશભાઇ કોટક પરિવાર, નાશિક**

**હાર્દિક શુભેચ્છા સહ**

**કિશનભાઇ સોમાણી પરિવાર, નાશિક**

**હાર્દિક શુભેચ્છા સહ**

**લલિતભાઇ સચદે પરિવાર, નાશિક**

**હાર્દિક શુભેચ્છા સહ**

**જગદીશભાઇ ઠક્કર પરિવાર, નાશિક**


મિસ કોલ પ્રોજેક્ટ...૯૯૦૯૯૦૦૧૨૩, પર અવશ્ય ફોન કરો.




ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in







હાર્દિક શુભેચ્છા સહ

કરશનભાઇ કતીરા
પરિવાર, નાશિક




હાર્દિક શુભેચ્છા સહ

મુકેશભાઇ ચોથાણી
પરિવાર, નાશિક

હાર્દિક શુભેચ્છા સહ

યોગેશભાઇ કાનાણી
પરિવાર, નાશિક

રક્તદાન... મહાદાન....

Download : Impbloodseva

## કે. સી. ઠક્કર - ગાંધીધામ

B.E. (Civil) - Engg. & Developer

(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : અખિલ ગુજરાત લોહાણા સમાજ

shop : 23682362

## S.S.THAKKAR

Farm Fair, next to IOC Petrol pump
warden Road, Mumbai - 400026.

Jai Raghuvansh, Jai Mahaparishad

## DAMYANTI FOOD PRODUCTS

*(a Unit of B.K. Group, Nagpur)*

**Manufacturers Of :**
Idli Rawa, Upma Rawa (roasted), Wheat Daliya, Wheat Flour, Maida, Wheat Rawa Roasted, Jada Poha In Attractive Consumer Packs

For Trade Inquiries Contact : M - 09423682727
E mail : bkcogroup@gmail.com

## શ્રી હરીલાલ દયાળજીભાઈ રામાણી

આદીપુર
મો. ૯૮૭૯૧ ૩૮૧૫૩



ચેરમેન - મેરેજ બ્યુરો
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન

## MONARCH

(A house of complete Software Solution)

Our Software Services

MONARCH GROUP
SUNIL RAJAI

- Accounting Software
- Income-Tax Software
- Service-Tax Software
- Web Designing
- Project report System Software.
- Value Added Tax Software
- Audit Reporting System
- smsmonarch.com

31-35, Gandhi Chambers, 5/694, Bhavaniwad, Haripura, Surat - 395003.
Tel. : (0261) 2418983-84-85-86 Customer Care: : 95100 56789 95101 56789
helpsurat@yahoo.com • www.i-tax.in

## શૈલેષભાઈ સોનપાલ

૯૮૯૮૬ ૫૨૧૬૩

Shivam Agency
Shivam Mobile Services Pvt. Ltd.
Radhey Sales Pvt. Ltd.

16, Karunesh Nagar, Near Small Wonder School
Parvat Patiya, Surat - 395010.

## હાર્દિક શુભેચ્છા સહ

## કિશોરભાઇ ઠક્કર
## પરિવાર, નાશિક

## હાર્દિક શુભેચ્છા સહ

ISO 9001:2008

## Print Vision
PRIVATE LIMITED

DESIGNING PRINTING BINDING PACKAGING

Print Vision House, Lane Opp. Old Central Bank of India, Ambawadi Market, Ahmedabad - 380 006. India.
Tel.: (079) 2640 5200, 2640 3320, 4022 5216 - 5219 • Telefax : 2640 3321
E-mail : print_2453@yahoo.co.in • sales@printvision.in • Web : www.printvision.in

(પાના નં. ૧૦નું ચાલું)



સભાને સંબોધિત કરતા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક



યજમાન સંસ્થાનું માતૃસંસ્થા દ્વારા સન્માન



શ્રી દિનેશભાઈ મારફતિયા દ્વારા અનુદાન અર્પણ

રઘુવંશી સંમેલનમાં હાજરી આપ્યા બાદ સૌ પ્રતિનિધિઓ પોતપોતાના વતન તરફ જવા રવાના થયા હતા.

શ્રી જીતુભાઈ લાલના આગ્રહને માન આપી સવારે ચર્ચા માટે રોકાઈ જવા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને વિનંતી કરાતા તા. ૪ એપ્રિલ, ૨૦૧૬ ને સોમવારના રોજ સવારે ૯.૦૦ કલાકે જામનગરના અતિ પ્રાચીન અને પૂ.શ્રી પ્રેમભિક્ષુજી મહારાજના આશીર્વાદથી સંચિત તેવા શ્રી બાલા હનુમાન મંદિરે દર્શન કરી શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ મીટીંગની અદ્વિતિય સફળતા માટે પરમાત્માનો આભાર માન્યો હતો અને જ્ઞાતિની સેવા કરવા માટે મનોમન આશીર્વાદ મેળવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ મંદિરમાં છેલ્લા ૫૪ વર્ષોથી ૨૪ કલાક અખંડ રામધૂન ચાલે છે જેમાં ૪ એપ્રિલ એ આ રામધૂનનો ૧૮,૮૭૪મો દિવસ હતો. ત્યારબાદ શ્રી જીતુભાઈ લાલના નિવાસસ્થાને તથા શ્રી દિનેશભાઈ મારફતીયાની ઓફિસે હાજરી આપી સમાજના વિકાસ માટે હાલાર પંથકમાં શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ વધુ વેગવાન બને તે માટે સમાજના દાતાશ્રીઓને સાથે જોડવા માટે પણ અપીલ કરી હતી. અત્રે જામનગરના જ્ઞાતિશ્રેષ્ઠી શ્રી વિપુલભાઈ કોટકે શ્રી જીતુભાઈ, શ્રી મોટાભાઈ, શ્રી દિનેશભાઈ, શ્રી અરવિંદભાઈ તથા અન્ય જ્ઞાતિશ્રેષ્ઠીઓ સાથે મળી દર મહિને નિયમિત રીતે માતૃસંસ્થામાં યોગદાન આપે તે માટે એક ગ્રુપની રચના કરવાનું પણ નક્કી કર્યુ હતું. અત્રે શ્રી દિનેશભાઈ મારફતીયાએ પોતાની ઓફિસમાં આગળના દિવસે જાહેર કરાયેલ અનુદાનના રૂા. ૫ લાખ પણ શ્રી પ્રવિણભાઈ કોટકને ફક્ત ૨૪ કલાકની અંદર અર્પણ કરી પ્રેરણારૂપ બન્યા હતા.



શ્રી બાલાહનુમાન - જામનગર

(અહેવાલ સંપાદન : હિમાંશુ ઠક્કર)

# સમસ્ત હાલાર લોહાણા સમાજ દ્વારા જામનગર મુકામે યોજાયું હાલાર રઘુવંશી સંમેલન...





૩ એપ્રિલ, ૨૦૧૬ ને રવિવારના રોજ બપોરે ૪.૩૦ કલાકે સમગ્ર હાલાર પંથકમાંથી હજ્જારો રઘુવંશીઓ હાલાર રઘુવંશી સંમેલનના સાક્ષી બનવા ઉમટી પડ્યા હતા. ઓશવાળ સેન્ટર ખાતેનો વિશાળ પાર્ટી પ્લોટ રઘુવંશી ભાઈ–બહેનોથી ખીચોખીચ ભરાઈ ચૂક્યો હતો. સુંદર મજાના સાંસ્કૃતિક કાર્યક્રમે વાતાવરણને અનેરી દિવ્યતા આપી હતી. મુખ્ય સ્ટેજની આજુબાજુ પણ બે વિશાળ સ્ટેજ દ્વારા મંચની ભવ્યતા દેખાઈ આવતી હતી. મંચની ડાબી બાજુ સમસ્ત હાલાર લોહાણા સમાજના જ્ઞાતિશ્રેષ્ઠીઓ બિરાજમાન હતા જ્યારે મંચની જમણી બાજુના સ્ટેજ પર શ્રી લોહાણા મહાપરિષદના તમામ પદાધિકારીઓ બિરાજમાન હતા. આ સંમેલનના સંયોજક અને સ્વાગત સમિતિના કન્વીનર એવા શ્રી જીતુભાઈ લાલ તથા દ્વારકાદાસ રાયચુરા (મોટાભાઈ)એ પોતાના સ્વાગત ઉદ્‌બોધનમાં જ્ઞાતિગંગાના આટલા વિશાળ દર્શન કરવા બદલ ધન્યતા અનુભવી હતી અને સર્વે રઘુવંશીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ સમારંભના અતિથિવિશેષ શ્રી પરિમલભાઈ નથવાણીએ પોતાના ઉદ્‌બોધનમાં સૌ જ્ઞાતિબંધુઓને ભૂતકાળ ભૂલી સંગઠિત થઈ જ્ઞાતિ ઉત્કર્ષના કામે લાગવા માટે અપીલ કરી હતી. શ્રી પરિમલભાઈએ જણાવ્યું હતું કે, જો સમાજ સંગઠિત હશે તો જ આપણે આર્થિક અને રાજનીતિક ક્ષેત્રે આપણા લક્ષ્યાંકો સિદ્ધ કરી શકીશું. આ પ્રસંગે શ્રી અશોકભાઈ લાલે પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી અને સમાજ માટે જ્યારે પણ જરૂરિયાત પડે ત્યારે ખડેપગે ઊભા રહેવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે વર્ષો પછી જ્યારે હાલારની ભૂમિપર માતૃસંસ્થા આવી છે ત્યારે ભવ્યાતિભવ્ય રીતે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનું અંતરના ઉમળકાથી સ્વાગત કરવા બદલ શ્રી જીતુભાઈ લાલ અને સમગ્ર ટીમનું જાહેર આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે વડીલ સમિતિનું પ્રતિનિધિત્વ કરતા શ્રી પ્રદીપભાઈ માધવાણીએ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો અને આવું સુંદર આયોજન કરવા બદલ સમગ્ર ટીમને ખુબ ખુબ ધન્યવાદ પાઠવ્યા હતા. શ્રી હિમાંશુભાઈએ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના મિસ્ડકોલ પ્રોજેક્ટ અંતર્ગત સૌને ૯૯૦૯૯૦૦૧૨૩ નંબર પર કોલ કરવા માટે તેમજ રક્તદાન માટે LMPBloodSeva નામની એન્ડ્રોઈડ એપ્લીકેશન દ્વારા દેશભરમાં રક્તદાતાઓની યાદી તૈયાર કરવા સૌને પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. આ સમયે શ્રી લોહાણા મહાપરિષદના ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી તથા વર્તમાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની દિલેરી, હિંમત, દૂરદ્રષ્ટિ અને જ્ઞાતિ ઉત્કર્ષ માટેની પ્રબળ ભાવના દ્વારા સંગઠિત બનેલા સમગ્ર રઘુવંશી સમાજને માતૃસંસ્થાના મુખપત્ર ''શ્રી રઘુકુળ વિશ્વ'' સાથે સીધા જોડાવા સૌને અપીલ કરી હતી. આ સમયે શ્રી જીતુભાઈ લાલ દ્વારા સમગ્ર હાલાર પંથકમાંથી ૧,૦૦૧ શ્રી રઘુકુળ વિશ્વના આજીવન સભ્યો ઉમેરવાની જાહેરાત થતા તેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. આ સમયે આ વિસ્તારના વિવિધ જ્ઞાતિશ્રેષ્ઠીઓ કે જે રઘુવંશના ગૌરવ તરીકે પોતાનું નામ રોશન કર્યું છે તે તમામનું મંચસ્થ મહાનુભાવો દ્વારા



અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદના ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીએ પણ લાગણીસભર ઉદ્‌બોધન કરી વિવિધ ઉદાહરણો દ્વારા સૌને સંગઠનનું મહત્ત્વ સમજાવ્યું હતું. માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પણ જ્ઞાતિગંગાના આશીર્વાદ મેળવ્યા હતા અને તન, મન અને ધનથી લોહાણા જ્ઞાતિના ઉત્કર્ષ માટે સાથે જોડાવા અપીલ કરી હતી. આ તબક્કે શ્રી પ્રવિણભાઈએ વિવિધ ઉદાહરણો આપી સંગઠનનું મહત્ત્વ સમજાવ્યું હતું. રઘુવંશીના ત્રણ મુખ્ય લક્ષણો (૧) રઘુવંશી ક્યારેય ખોટે માર્ગે ન જાય (૨) રઘુવંશી ક્યારેય કોઈને ના ન પાડે (૩) રઘુવંશી ક્યારેય કોઈનાથી ડરે નહીં તેનો ઉલ્લેખ કરી રઘુવંશી ન ઝુકેગા, ન રુકેગાના નારા સાથે સૌને સંકલ્પિત કર્યા હતા. અંતમાં અન્ય મહાનુભાવોના ઉદ્‌બોધનો સાથે અતિથિ વિશેષશ્રીઓ શ્રી પરિમલભાઈ નથવાણી, શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી યોગેશભાઈ લાખાણીનું સમસ્ત હાલાર લોહાણા સમાજ દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. લગભગ રાત્રે ૧૦.૦૦ કલાકે સૌ જ્ઞાતિબંધુઓ ભોજન પ્રસાદ લઈ એક નવી ઊર્જાના સંચાર સાથે છૂટા પડ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, સંમેલન શરૂ થયાની તુરંત પહેલાં ઓશવાળ સેન્ટરના મીટીંગ હોલમાં પ્રોફેશનલ મીટ, કર્મચારી





સંમેલન તથા વિમેન્સ એમ્પાવરમેન્ટના સેમિનારનું આયોજન થયેલ જેમાં આ વિસ્તારના ડૉક્ટરો, સી.એ., વકીલો તથા અન્ય પ્રોફેશનલ્સને શ્રી પરિમલભાઈ નથવાણી, શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી અશોકભાઈ લાલ, શ્રી જીતુભાઈ લાલ, શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી દ્વારકાદાસ ભાઈ રાયચુરા, હિમાંશુ ઠક્કર તથા અન્ય મહાનુભાવોએ સમાજના વિકાસમાં સંગઠિત રીતે પોતાનું યોગદાન આપવા અપીલ કરી હતી અને સમાજને પ્રગતિનો રાહ પ્રશસ્ત કરાવવા માટે તમામ મહાનુભાવો સુંદર ઉદ્‌બોધનો કરવામાં આવેલા.



પ્રોફેશનલ મીટને સંબોધન કરતાં



વિમેન્સ એમ્પાવરમેન્ટ પર પરિસંવાદ

– જયશ્રી રામ

– જય દ્વારકાધીશ

# થેલેસેમિયા સમિતિ
## થેલેસેમિયા નાબૂદી અભિયાન

શ્રી લોહાણા મહાપરિષદના આર્થિક સહયોગથી ''થેલેસેમિયા મુક્ત રઘુવંશ'' અંતર્ગત વિવિધ સંસ્થાઓ દ્વારા થેલેસેમિયા પરિક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ ખાતે  તા. ૧૦-૧-૨૦૧૬ કુલ ૨૮૬ પરિક્ષણ (કેશરિયા લોહાણા મહાજન વાડી), તા. ૧૭-૧-૨૦૧૬ કુલ ૧૪૭ પરિક્ષણ, તા. ૨૨-૧-૨૦૧૬ કુલ ૮૭૬ પરિક્ષણ (વીર દાદા જશરાજ જયંતિ નિમિત્તે રઘુવંશી પરિવાર દ્વારા), તા. ૭-૨-૨૦૧૬ કુલ ૭૧ પરિક્ષણ (શ્રી લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા), અમદાવાદ ખાતે તા. ૧૦-૧-૨૦૧૬ કુલ ૧૬૫ પરિક્ષણ (શુભલગ્નમ્ – ગૌતમભાઈ ઠક્કર દ્વારા), તા. ૪-૩-૨૦૧૬ કુલ ૪૩ પરિક્ષણ (જય જલિયાણ એજ્યુકેશન ટ્રસ્ટ – વેજલપુર દ્વારા), તા. ૬-૩-૨૦૧૬ કુલ ૨૨૦ પરિક્ષણ (શ્રી લોહાણા પરિવાર – પાલડી દ્વારા), તા. ૨૦-૩-૨૦૧૬ કુલ પરિક્ષણ ૫૫ (લોહાણા વનિતા – રાજેન્દ્રભાઈ ઠક્કર દ્વારા), તા. ૨૮-૨-૨૦૧૬ કુલ ૧૭૦ પરિક્ષણ (જન અમદાવાદ પૂર્વ લોહાણા સમાજ દ્વારા), આદીપુર – કચ્છ ખાતે તા. ૨૮-૨-૨૦૧૬ કુલ ૬૩ પરિક્ષણ (અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન દ્વારા), વિરમગામ ખાતે તા. ૧૪-૨-૨૦૧૬ કુલ ૧૨૩ પરિક્ષણ (સંતશ્રી મોરારિબાપુની કથા – કમીજલા ખાતે), કેશોદ ખાતે તા. ૨૮-૨-૨૦૧૬ કુલ ૨૨૫ પરિક્ષણ (શ્રી લોહાણા મહાજન – કેશોદ દ્વારા) થયેલ. તમામ મહાજનોને ખુબ ખુબ અભિનંદન

તા.૨૭-૩-૨૦૧૬ રવિવારના રોજ રાજકોટ મુકામે થેલેસેમિયા સમિતિની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૮-૫-૨૦૧૬ ''થેલેસેમિયા દિવસ'' અંતર્ગત સમગ્ર ભારતભરમાં થેલેસેમિયા કેમ્પોનું આયોજન કરવા બાબતે ચર્ચા-વિચારણા થઈ હતી. થેલેસેમિયા પરિક્ષણનો રૂા. ૨૦૦ સુધીનો ખર્ચ આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ આપે છે. થેલેસેમિયા પરિક્ષણનો ખર્ચ તથા થેલેસેમિયા મેજર બાબતને જો બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનું થાય તો તેનો ખૂબ જ ખર્ચ આવે છે તો આપ સૌને અપીલ છે કે જો આપ અન્ય જગ્યાએ ડોનેશન કરતા હોવ તો શ્રી લોહાણા મહાપરિષદમાં પણ ઉપર મુજબના ખર્ચ માટે પણ ડોનેશન આપશો તેવી અમારી નમ્ર વિનંતી છે.




## તા.૮-૫-૨૦૧૬ વિશ્વ થેલેસેમિયા દિવસ

તમામ મહાજનો, સંસ્થાઓ, છાત્રાલયો, યુવક મંડળો, ટ્રસ્ટોને  જણાવવાનું કે તા. ૮-૫-૨૦૧૬ ''વિશ્વ થેલેસેમિયા દિવસ'' તરીકે ઉજવાય છે. જોગાનુજોગ આ દિવસે રવિવાર પણ છે. આ દિવસે આપ સૌને ''થેલેસેમિયા પરિક્ષણ કેમ્પ''નું આયોજન કરવા અપીલ છે. થેલેસેમિયા નાબૂદી અભિયાન માટે સરકારશ્રી પાસે રજૂઆત કરતાં આરોગ્ય કમિશનરશ્રીએ સૂચન કર્યા પ્રમાણે રક્ત પરિક્ષણના અભિયાન થકી જે તે ગામ શહેરના તમામ પરિવારોની સચોટ યાદી તૈયાર કરી આ પરિવારોમાંથી કેટલા પરિવારોમાં અવિવાહિત દિકરા-દિકરીઓના થેલેસેમિયા રક્ત પરિક્ષણ થયેલા છે અને કેટલા બાકી છે અને કેટલાને અન્ય સારવારની જરૂર છે તેની સંપૂર્ણ યાદી ગામેગામથી તૈયાર કરી સરકારશ્રીને મોકલવાથી આ અંગે આરોગ્ય વિભાગ પાસેથી સહાય મળી શકે. આથી થેલેસેમિયા કેમ્પનું આયોજન કરતાં તમામ મહાજન સંસ્થાઓને પોતાના વિસ્તારની થેલેસેમિયાથી સંપૂર્ણ સૂરક્ષિત કરવા માટે પરિવારોની સંપૂર્ણ યાદી, ભૂતકાળમાં થયેલા કેમ્પો અંગેની પણ યાદી અને ભવિષ્યમાં બાકી રહેતા સભ્ય પરિવારોને ત્યાં થેલેસેમિયા રક્ત પરિક્ષણ કરવા માટેના ભાવિ આયોજન અંગે આપના સુઝાવો થેલેસેમમિયા સમિતિને સુપ્રત કરવા આપને આગ્રહભર્યો અનુરોધ કરવામાં આવે છે.

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીની ટીમ આપને ત્યાં કેમ્પ કરવા આવે ત્યારથી લઈ કેમ્પ પૂરો થાય ત્યાં સુધી જેટલા પરિક્ષણ થયા હોય તેની માહિતી આપે જેટલી પરિક્ષણ થયા હોય તેની માહિતી આપે આપના લેટરપેડ ઉપર લખી સહી સિક્કા કરી ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના ટીમ લીડરને આપવાની રહેશે. જેથી તેઓ અમને તમારા લેટરપેડની કોપી આપશે તેથી અમો તેમને કેમ્પનું પેમેન્ટ આપી શકીએ. થેલેસેમિયાના મહાભયંકર રોગથી આપણા આગામી પેઢીને બચાવી તેમને સુંદર ભવિષ્ય પૂરું પાડવાના શુભ ઇરાદાથી માતૃસંસ્થાના પૂર્વપ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીના સૂચનને સંપૂર્ણ ટેકો આપી શ્રી લોહાણા મહાપરિષદની તા. ૧૬-૧૧-૨૦૧૪ના રોજ તિરૂપતિ (બાલાજી) મુકામે મળેલી કારોબારી સમિતિ સભામાં સર્વાનુમતે થેલેસેમિયા પરિક્ષણ દીઠ રૂા. ૧૦૦/- ને બદલે રૂા. ૨૦૦/-ની નાણાંકીય ફાળવણી કરવા ઠરાવ પસાર કરવામાં આવેલ હતો. રૂા. ૨૦૦/- થી વધારે પરીક્ષણનો ખર્ચ થાય તો જે તે મહાજન સંસ્થાઓએ તે રકમ કોઈ પણ લેબોરેટરી કેમ્પ કરવા આવે તેઓને આપવાની રહેશે. આ સિવાય થેલેસેમિયા કેમ્પ કરવા બાબતે કંઈપણ વિગત પૂછવી હોય તો નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરવો.

થેલેસેમિયા પરિક્ષણ કેમ્પ કરવા આપને ૯૩૭૫૦૬૩૯૨૦ અને ૯૪૨૬૩૫૮૨૯૦ નંબર ઉપર આપની સંસ્થા – સ્થળ – તારીખ લખી What's app કરવાનો રહેશે.

આપે જે નંબર ઉપરથી What's app કર્યો હશે તે નંબર ઉપર ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી – ગુજરાત શાખા ઉપરથી આપનો કેમ્પ રજિસ્ટર થઈ ગયો છે તેની માહિતી આપશે.



| ડો. રમેશભાઈ ભાયાણી<br>(રાષ્ટ્રીય અધ્યક્ષ - થેલેસેમિયા સમિતિ)<br>મો. ૯૪૨૮૧૫૮૯૮૯ | ભરતભાઈ ઉનડકટ<br>(રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ - થેલેસેમિયા સમિતિ)<br>મો. ૯૯૦૯૯૪૨૭૬૨ | અલ્પેશ જોબનપુત્રા<br>(રાષ્ટ્રીય મંત્રી - થેલેસેમિયા સમિતિ)<br>મો. ૯૩૭૫૦૬૩૯૨૦ | મુકેશ ગોવાણી<br>(રાષ્ટ્રીય સહમંત્રી - થેલેસેમિયા સમિતિ)<br>મો. ૯૪૨૬૩૫૮૨૯૦ |
|---|---|---|---|

# પ્રોફેશનલ સમિતિ

પ્રોફેશનલ સમિતિ ગુજરાત વિભાગ દ્વારા તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન અમદાવાદ ખાતે સાંજે ૬.૦૦ થી ૮.૦૦ કલાકે સરકારશ્રીના બજેટ અંગે રઘુવંશી પ્રોફેશનલ્સને જાણકારી મળે તેવા આશયથી સુવિખ્યાત વક્તાઓ દ્વારા પ્રોફેશનલ સમિતિના અધ્યક્ષ શ્રી પંકજભાઈ કોટક તેમજ ઉપાધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયાના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. આ પરિસંવાદ દરમિયાન શ્રી અસીમભાઈ ઠક્કર, શ્રી નિલેશભાઈ સૂચક, શ્રી દિનેશભાઈ ઠક્કર તથા અન્ય વક્તાઓએ બજેટ, ટેક્સ તેમજ અન્ય આર્થિક પાસાઓ ઉપર સુંદર છણાવટ કરી હતી. આ પ્રસંગે મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે સૌને પ્રોત્સાહિત કરી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે વિશેષમાં રઘુવંશી સમાજના નોમિનેટ થયેલા બે આઈએએસ અધિકારીઓ શ્રી મનોજભાઈ દક્ષિણી તેમજ શ્રી જગદીશભાઈ અખાણીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. લગભગ ૮.૩૦ કલાકે પ્રીતિભોજન લઈ સૌ છૂટા પડ્યા હતા.



સંકલન : પ્રસાદ અખાણી અને ગૌરવ ઠક્કર

# પર્યાવરણ સમિતિ

પર્યાવરણની સમતુલાને બનાવી રાખવા માટે વીજ વપરાશ અંગે સભાનતા આવે તે માટે સમગ્ર વિશ્વમાં ૧૯મી માર્ચે ઉજવાતા ''અર્થ અવર'' અંગે પણ શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા દેશભરમાં આ અંગે જાગૃતિ અભિયાન ચલાવી સૌને આ બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા. પર્યાવરણ સમિતિના આ અભિયાનની દેશભરના વિવિધ મુખપત્રો તથા સમાચારપત્રોએ પણ નોંધ લઈ કોઈ પણ જ્ઞાતિ દ્વારા કરવામાં આવતા આવા પ્રયત્નોને પણ બિરદાવવામાં આવ્યા હતા. આ અભિયાનને સફળ બનાવવા માટે પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ વિશેષ જહેમત ઉઠાવી હતી. શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા નેશનલ પેઈન્ટિંગ કોમ્પિટીશન (ચિત્ર સ્પર્ધા)તથા નેશનલ સ્લોગન કોમ્પિટીશનનું આયોજન કરેલ છે જેનો મુખ્ય વિષય અને થીમ પર્યાવરણ સંરક્ષણ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયમો તથા અન્ય માહિતી સાથેનું પોસ્ટર શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. **વધુ માહિતી માટે સંપર્ક સૂત્રો : શ્રી કિરીટભાઈ ભીમાણી (૯૦૯૯૦૧૦૯૫૧), શ્રી આલાપ પંડિત (૯૪૨૮૮૨૬૪૪૮) તથા શ્રી રવિ ઠક્કર (૯૯૭૯૭૭૮૭૩૬) તથા શ્રી રોહન ઠક્કર (૮૪૬૦૦૭૭૪૦૬)નો સંપર્ક કરવો.** આ સ્પર્ધાના વિજેતા ઉમેદવારોના નામ ૫-૬-૨૦૧૬ (વિશ્વ પર્યાવરણ દિવસ)ના રોજ જાહેર કરવામાં આવશે અને આગામી શ્રી રઘુકુળ વિશ્વના અંકમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવશે.

સંકલન : જીતેન્દ્ર કારીયા - કાર્યાલય મંત્રી

# રમતગમત સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદની રમતગમત સમિતિ દ્વારા તમામ વિભાગોનાં સિલેક્શન માટે વિવિધ સ્તરે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. વિવિધ સ્થળોએ યોજાયેલી આ પ્રક્રિયા યુવાનોના સંગઠન માટે માધ્યમ બની છે. રાષ્ટ્રીય ટુર્નામેન્ટના આયોજન માટેની તૈયારીઓ ચાલી રહી છે જેની વિગતવાર જાહેરાત આગામી સમયમાં કરવામાં આવશે.



સંકલન : પિયુષ મજીઠીયા, પોરબંદર

**નોંધ : શિક્ષણ સમિતિ, છાત્રાલય સમિતિ, આરોગ્ય સમિતિ, રોજગાર સમિતિ, લગ્નવિષયક સમિતિ તેમજ કૌશલ્ય વિકાસ સમિતિના આગામી કાર્યક્રમોની વિગતવાર માહિતી પ્રાપ્ત થયે આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.**

વ્હાલા રઘુવંશી  મહિલા મિત્રો, લોહાણા સમાજની પ્રગતિમાં મહિલાની પણ ખુબ મોટી ભાગીદારી રહી છે. વિવિધ ગામ શહેરમાં મહિલા મંડળો દ્વારા સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પણ તમામ વિભાગોમાં મહિલા હોદ્દેદારોની રચના કરી તેમને પણ દરેક ગામ, શહેરમાં મહિલા પ્રતિનિધિની નિમણૂંક કરવા માટે સૂચિત કરાયેલ છે.  મહિલાઓને સંગઠિત બનાવે તેવી વિવિધ પ્રવૃત્તિઓ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવી રહી છે.



# મહિલા વિભાગ

ડો. નિમા આચાર્ય (રાષ્ટ્રીય અધ્યક્ષ)
અલકા કોટક (રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ)
રીટાબેન ઠક્કર (રાષ્ટ્રીય મહામંત્રી)

## ઉત્તર પૂર્વ વિભાગ | કલકત્તા (ભારતીબેન ઠક્કર)

ઉત્તર પૂર્વ વિભાગમાં ઑધિયામાં મહિલા સમિતિ દ્વારા પ્રથમ કાર્યક્રમ રૂપે દિવાલી ધમાકા અંતર્ગત પ્રદર્શની સહ વેચાણનું આયોજન કલકત્તા ગુજરાતી સમાજના હોલ મધ્યે કરવામાં આવ્યું હતું.  જ્ઞાતિની મહિલાઓ તથા યુવતીઓની કાર્ય કુશળતાને પ્રોત્સાહિત કરવાની દિશામાં આ એક સ્તુત્ય પ્રયાસ હતો. પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન જયશ્રીબેન વાઘાણી, જ્યોતિબેન રાજા, મહિલા સમિતિના ઉપાધ્યક્ષ ભારતીબેન ઠક્કર, વાત્સલ્ય સમિતિના હીનાબેન જસાણી, ભાવનાબેન રાચ્છ વગેરે દીપ પ્રાગટ્ય દ્વારા કર્યું હતું. આ અવસરે શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, શ્રી હીરાલાલ રાજા, શ્રી વિનોદભાઈ ઑધિયા, શ્રી કિશોરભાઈ દત્તાણી, શ્રી પરેશભાઈ બેટાઈ, શ્રી અશોકભાઈ પોપટ, શ્રી હરીશભાઈ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## મુંબઈ સહ મહારાષ્ટ્ર | મુંબઈ | પુના | નાશિક (રશ્મિ એસ. વિઠલાણી)

મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિ દ્વારા સુશ્રી રશ્મિબેન સતીષભાઈ વીઠલાણીના સીધા માર્ગદર્શન હેઠળ તા. ૨૭–૨–૨૦૧૬ને શનિવારના રોજ મીરા રોડ, મુંબઈ ખાતે ''મહિલા આરોગ્ય'' કાર્યક્રમ અંતર્ગત નિષ્ણાત ડોક્ટરો દ્વારા માર્ગદર્શન મેળવવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

ત્યારબાદ ૧૯ માર્ચ ૨૦૧૬ ના રોજ થાણા ખાતે ''નિસર્ગ એક શાળા'' પાણી બચાવો ધરા બચાવો અને યોગાસન નામનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ તા. ૨–૪–૨૦૧૬ના શનિવારના રોજ પારનાકા, દાણુ (વે), જી. પાલઘર ખાતે તોરણ પવિત્રા તેમજ લગ્નમાં વપરાતી વસ્તુનું સુશોભન વર્કશોપ નામનો કાર્યક્રમ યોજાયો હતો અને તા. ૪–૬–૨૦૧૬ને શનિવારના રોજ અંધેરી (પ.) મુંબઈ ખાતે  કાયદાના ફાયદા નામનો કાર્યક્રમ યોજાવાનો છે.

પુના ખાતે તા. ૨–૭–૨૦૧૬ના રોજ મહિલા જાગૃતિ અંતર્ગત કાર્યક્રમ યોજાવાનો છે.

ત્યારબાદ નાશિક ખાતે તા. ૬–૮–૨૦૧૬ને શનિવારના રોજ  ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, નાશિક ખાતે ''રીસ્તે બચાવો'' અંતર્ગત માનવીનું જીવન સંબંધો સાથે જોડાયેલ છે સંબંધો બચાવો નામનો કાર્યક્રમ યોજાશે. ઉપરોક્ત તમામ કાર્યક્રમ નિ:શુલ્ક રહેશે.

## કચ્છ વિભાગ | કમીજલા (સુશીલાબેન એ. ઠક્કર)

કચ્છ વિભાગના મહિલા અધ્યક્ષ સુશીલાબેન ઠક્કર દ્વારા પણ મહિલાઓને સુસંગઠિત કરી રાષ્ટ્રીય પ્રમુખ સુશ્રી નીમાબેન આચાર્યના સીધા માર્ગદર્શન તથા સહયોગથી તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ કમીજલા ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનમાં ૨૦૦ જેટલી બહેનોને લઈ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ ઉપરાંત સૌરાષ્ટ્ર, ગુજરાત, દક્ષિણ ભારત તેમજ વિદર્ભ સહ મધ્ય ભારત વિભાગ દ્વારા યોજાયેલા વિવિધ કાર્યક્રમોની વિગત આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જામનગર મુકામે તા. ૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ યોજાયેલી કારોબારી મીટીંગમાં રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય દ્વારા વિવિધ પ્રદેશમાંથી થયેલી મહિલા પ્રતિનિધિઓની નિમણૂંકને સુવ્યવસ્થિત કરી જરૂરિયાતમંદ પરિવારોને આરોગ્ય સહાય, સરકારી યોજનાઓનો તમામ વિધવા, નિરાધાર, ત્યક્તા, નિ:સહાય બહેનોને લાભ મળે તે માટે જરૂરી માર્ગદર્શન તથા સરકારી કાગળોની માહિતી આગામી સમયમાં યોજાનાર મીટીંગમાં જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત બહેનોને રોજગારી મળે તે માટે સિલાઈ મશીન, બ્યુટીપાર્લર તથા અન્ય પ્રશિક્ષણ વર્ગોનું આયોજન પણ જે તે વિસ્તારમાં મહાજન / સંસ્થાની મિલ્કતોમાં માળખાકીય આયોજન કરી થઈ શકે તે માટે પણ નજીકના સમયમાં યોજના ઘડી કાઢવામાં આવશે અને તમામ મહિલા પ્રતિનિધિઓને યોગ્ય કરવા માટે જાણ કરવામાં આવશે.

સંકલન : કાશ્મીરા નથવાણી, રાજકોટ
સંયુક્ત મંત્રી - શ્રી લોહાણા મહાપરિષદ

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

રઘુવંશી સમાજના સમૃધ્ધ ગણાતા પરિવારોના વિવાહ ઉત્સુક દિકરા–દિકરીઓના બે દિવસીય પરિચયમેળાનું આયોજન જોકર્સ ઇવેન્ટ કંપની દ્વારા શ્રી લોહાણા મહાપરિષદ, અખિલ ગુજરાત લોહાણા સમાજ તેમજ સમસ્ત લોહાણા મિલનના શુભેચ્છક સહયોગથી કરવામાં આવ્યું હતું. અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરને આ પ્રકારના આયોજન કરવાની આગવી સૂઝ અને સતત પ્રયત્નથી આ બે દિવસીય કાર્યક્રમ અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયો. પ્રહલાદનગર ખાતે આવેલી ફાઈવસ્ટાર હોટેલ ક્રાઉન પ્લાઝામાં રજિસ્ટર્ડ થયેલા તમામઉમેદવારો તથા તેમના માતા–પિતાને રોકાવાની સુંદર વ્યવસ્થા હતી. બે દિવસના આ કાર્યક્રમ દરમિયાન પરિચય મેળા ઉપરાંત કાજલ ઓઝા વૈદ્ય, જય વસાવડા, સાંઈરામ દવે, અશોક દવે, તુષાર શુક્લા વિગેરેએ દિકરી–દિકરીને યોગ્ય પસંદગી માટે તેમજ સફળ દામ્પત્ય જીવન માટે સૌએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં મર્યાદિત સંખ્યામાં યોગ્ય કુટુંબ, ૧૮થી૩૫ વર્ષ સુધીની ઉંમર, ઇલ દ્વારા યુવક–યુવતીના પરિચયનું સંચાલન, પરિચયનું વિડિયો પ્રેઝન્ટેશન, જાણીતી હસ્તીઓ દ્વારા પ્રોત્સાહન, સમાજના અનુભવી શ્રેષ્ઠીઓ દ્વારા માર્ગદર્શન, જાણીતા લેખકો દ્વારા સગપણ વિશે સમજ, પરિચય માટે બે દિવસનો સમય, ફાઈવ સ્ટાર હોટેલમાં રાત્રી રોકાણ, યુવક–યુવતીનો ટેલેન્ટ શો, મધ્યસ્થીની વ્યવસ્થા, થેલેસેમિયા અને જન્માક્ષર વિષે સાચી સમજ અને સચોટ ઉપાય, દરેક યુવક–યુવતીને પ્રતિભા રજૂ કરવાની તક વગેરે મુખ્ય આકર્ષણો રહ્યા હતા.




સંકલન : હર્ષદ કારીયા

## અમદાવાદ

લોહાણા વનિતા દ્વારા યુવક–યુવતીઓના ચતુર્થ પરિચય સંમેલનનું આયોજન ૨૦ માર્ચ ૨૦૧૬ના રોજ વાસણા કોમ્યુનિટી હોલ ખાતે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયું તેમાં અંદાજે ૨૫૦ થી પણ વધારે યુવક–યુવતીઓએ તથા તેમના માતા–પિતાએ ભાગ લીધો. આ કાર્યક્રમ દરમિયાન થેલેસેમિયા કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ. લોહાણા વનિતા તંત્રી ધરાબેન તથા રાજેન્દ્રભાઈ ઠક્કર દ્વારા આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ.

સંકલન : ભરત ખંધેડિયા

## વડાલા (મુંબઈ)

શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, વડાલા (મુંબઈ) ખાતે જ્ઞાતિના વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસ અર્થે છાત્રાલયમાં રહેવા તથા જમવાની સગવડ વિદ્યાર્થીઓના અભ્યાસને લક્ષ્યમાં રાખીને પ્રવેશ આપવામાં આવે છે. લાયક વિદ્યાર્થીની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લવાજમમાં રાહત આપવામાં આવે છે. જે જ્ઞાતિજનો તેમના સંતાનોને ઉચ્ચ કેળવણી/અભ્યાસ માટે (૨૦૧૬–૧૭) છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તેમણે સંસ્થાના કાર્યાલય શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, વડાલા ,જે.ડી. ભવન , ૧૬૯, નાથાલાલ એમ. પારેખ માર્ગ, વી.જે.ટી.આી. કોલેજની સામે, વડાલા (પશ્ચિમ) મુંબઈ–૪૦૦૦૩૧ (ફોન નં. ૨૪૧૮૧૮૨૫) ખાતેથી સવારના ૧૦થી ૭ કલાક સુધીમાં પ્રવેશપત્ર મેળવી લેવું અને તા. ૩૧–૫–૨૦૧૬ સુધીમાં સંસ્થાના કાર્યાલયમાં સંપૂર્ણ માહિતી ભરી પરત કરવું.

સંકલન : અજીત ઠક્કર

## નાગપુર

શ્રી જલારામ સત્સંગ મંડળ, નાગપુર દ્વારા શુક્રવાર તા.૪–૩–૨૦૧૬ના રોજ સંત શિરોમણી શ્રી જલારામબાપાની પૂણ્યતિથિ શ્રી જલારામ પ્રાર્થના ભવનમાં શ્રદ્ધાપૂર્વક, નાગપુરની ધર્મપ્રેમી જનતાના સહયોગથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગે જરૂરિયાતમંદ દિવ્યાંગ (વિકલાંગ) બહેનોને નિ:શુલ્ક સિલાઈ મશીનોનું વિતરણ, નાગપુર ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ કટકોરિયાના શુભ હસ્તે શ્રી લોહાણા મહાપરિષદના વિદર્ભ તથા મધ્યભારતના વિભાગીય ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કરની પ્રમુખ ઉપસ્થિતિમાં કરવામાં આવેલ, સાથે જ સિલાઈ મશીનોના સંયોજકોને પણ સત્કારમાં આવેલ.

સંકલન : જયંતિલાલ રાજા

# "હું રઘુવંશી છું તેનો મને ગર્વ છે."

## "રામનવમી"

# રઘુવંશી ગર્વ દિન



રઘુવંશી લોહાણા સમાજના આદર્શ પુરુષ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામ છે. ભગવાન શ્રીરામની જન્મ જયંતિ ચૈત્ર સુદ નોમને સમગ્ર સમાજના તમામ વર્ગો નાત-જાતના ભેદ ભૂલીને અત્યંત ભક્તિભાવથી ધાર્મિક પર્વ તરીકે મનાવે છે. લોકો એ દિવસે ઉપવાસ રાખે છે. પ્રત્યેક મંદિરોમાં બપોરે બારના ટકોરે રામજન્મની વધાઈ સાથે આરતી થાય છે. આપણે સૌ શ્રીરામના વંશજો છીએ. આપણે માટે રામજન્મના પર્વનું વિશેષ મહત્ત્વ છે. આ મહત્ત્વ પ્રત્યેક રઘુવંશી લોહાણા પરિવારને સમજાય અને પરિવારમાં તેમજ સમાજમાં રઘુવંશી સંસ્કારો સુદૃઢ બને અને સમાજની પ્રત્યેક વ્યક્તિ રઘુવંશી હોવાના ગૌરવની અનુભૂતિ કરે એ માટે દર વર્ષે રામનવમીના પર્વને ''રઘુવંશી ગૌરવ દિન'' તરીકે ઉજવવાનું શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ઠરાવવામાં આવ્યું છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનો નિર્ણય એ આપણા સૌ માટે એક પ્રકારે આદેશશ છે અને એ આદેશનું પાલન કરવું, તેને અનુસરવું. આદેશને અમલમાં મૂકી તેની પાછળની સમાજ સંગઠનની ઉદાત ભાવનાને વ્યવહારમાં ચરિતાર્થ કરવી એ આપણું અનિવાર્ય કર્તવ્ય બની રહે છે. સમગ્ર વિશ્વમાં વસતો રઘુવંશી લોહાણા સમાજ રામનવમીના  ગૌરવ દિનને એક પ્રકારે મનાવે તો તેને કારણે સમાજની સામુહિક ઊર્જા શક્તિનું પ્રાગટ્ય થશે. તેને માટે રઘુવંશી ગૌરવ દિનની ઉજવણીની એક ચોક્કસ પ્રકારની પ્રણાલી સ્થાપિત કરવાનું અનિવાર્ય બની રહે છે. જેમજેમ વર્ષો વિતતા જશે તેમતેમઆ પ્રણાલી રઘુવંશી લોહાણા સમાજનું અનિવાર્ય અંગ બની જશે. આપણે એ ન ભૂલવું જોઈએ કે એક સમયે લોકમાન્ય બાલગંગાધર તિલકે ગણેશોત્સવની જાહેર સામુદાયિક ઉજવણી દ્વારા રાષ્ટ્રીય ચળવળ માટે સમાજને જાગૃત કર્યો હતો. આ ઉદ્દેશમાં તેમને અપ્રતિમસફળતા મળી હતી. રામનવમીના પર્વને રઘુવંશી ગૌરવ દિન તરીકે મનાવવા પાછળનો આપણો ઉદ્દેશ પણ લોહાણા સમાજમાં રઘુવંશી હોવાના ગૌરવને પુનઃજાગૃત અને પ્રસ્થાપિત કરીને  સમાજને સંગઠિત કરી ઉમદા કાર્યો માટે દિશા આપવાનો છે.

ભગવાન રામ આપણી આસ્થાના અનન્ય પ્રતીક છે. તેમના પ્રત્યેનો આપણો ભક્તિભાવ એ આપણા પારલૌકીક કલ્યાણના ઉદ્દેશથી પ્રેરિત છે, પરંતુ રઘુવંશી લોહાણા સમાજ માટે ભગવાન રામનો આદર્શ એ છાત્ર ધર્મ, પરિવારધર્મ, સમાજધર્મ, રાષ્ટ્રધર્મ અને માનવધર્મના પાલન માટેનો પ્રેરણાસ્ત્રોત છે. ભગવાન રામના જીવનના વિવિધ પ્રસંગોમાં રહેલા આ પ્રેરણા તત્ત્વને આપણે સમાજમાં જીવંત રાખીને તેના એકાદ અંશને પણ જીવનમાં ચરિતાર્થ કરવાનો પ્રયાસ રઘુવંશી સમાજ કરે એ અપેક્ષિત છે. રઘુવંશી ગૌરવ દિનની ઉજવણીના માધ્યમથી આપણે આ હેતુ સિદ્ધ કરવાનો છે એટલે આ ઉજવણીના માત્ર ક્રિયાકાંડ ન બની રહે એ પણ જોવાનું છે. આ સંદર્ભમાં જ રઘુવંશી ગૌરવ દિનની ઉજવણી કરવાનું વિચારી શકાય. આ ઉજવણીને આપણે બે ભાગમાં વ્હેંચી શકીએ. જેમાં પ્રથમ ભાગમાં અનિવાર્યપણે ઓછામાં ઓછું શું થવું જોઈએ તે અને બીજા ભાગમાં સ્થાનિક લોહાણા સમાજની અનુકૂળતા અને સુવિધા અનુસાર કેવી પ્રવૃત્તિ થઈ શકે તેનો વિચાર થવો જોઈએ.

# રઘુવંશી ગૌરવ દિન –સ્વૈચ્છિક ધોરણે કરવા જેવી પ્રવૃત્તિ

પ્રત્યેક ઘરે રઘુવંશી ધ્વજવંદન ગીત ગાન થાય.

મહાજનો/સંસ્થાની ઓફિસ પર તમામ કારોબારી સભ્યો સાથે મળી આરતી-પ્રસાદ કરી રઘુવંશની ગરિમા જળવાઈ રહે તેવા કાર્યક્રમોનું આયોજન, તકરાર-નિવારણ, વ્યસનમુક્તિ જેવા અભિયાનો માટે સંગઠિત રીતે કાર્ય કરવા માટે સંકલ્પિત થાય.

- પ્રત્યેક લોહાણા પરિવારના ઘર પર આસોપાલવનું તોરણ બંધાય.
- આંગણે નાની રંગોળી કરી શકાય.
- રાત્રે ઘરે દીપ પ્રાગટ્ય કરી શકાય.
- વિવિધ શ્રેણીના વિદ્યાર્થીઓ માટે ભગવાન રામ અને રામાયણ વિશે વક્તૃત્વ સ્પર્ધા રાખી શકાય.
- મહિલા મંડળો દ્વારા ભજન સ્પર્ધા અથવા સત્સંગ રાખી શકાય.
- સુંદરકાંડના પાઠનું આયોજન થઈ શકે.
- રાત્રી ભજન કે સત્સંગ પ્રવચન રાખી શકાય.
- રામાયણના પાત્રોની વેશભૂષા પરિધાન સ્પર્ધા પણ રાખી શકાય.

આ બધા કાર્યક્રમો સવારના ભાગમાં નવથી અગિયાર દરમિયાન મહાઆરતીના સ્થળે યોજી શકાય તો ઉત્તમ ગણાશે અથવા સ્થાનિક લોકોની સુવિધા અને અનુકૂળતા અનુસાર આયોજન થઈ શકે.

આ તમામ કાર્યક્રમો તદ્દન સ્વૈચ્છિક છે. આમાંથી કોઈ એકાદ પ્રવૃત્તિ થાય તો પણ સારું ગણાય. આ સિવાય પણ સ્થાનિક મહાજન અગ્રણીઓ ચર્ચા-વિચારણા દ્વારા વિશિષ્ટ રીતે ઉજવણી માટે વિચારવું...

## શાબાશ રઘુવંશી

## સરાહનીય.... અભિનંદન...



કમલેશભાઈ મિરાણી (રાજકોટ) શહેર ભાજપના પ્રમુખ તરીકે નિમણૂંક થવા બદલ.



વૈકુંઠભાઈ ગણપતરામ આચાર્ય : ભાભર નગરપાલિકાના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવવા બદલ ઉજ્જવળ રાજકીય તેમજ સામાજિક કારકિર્દી માટે ખુબ ખુબ શુભેચ્છાઓ...



રિશ્વા ધર્મેશભાઈ હરિયાણી , અમદાવાદ ઉચ્ચત્તમ પ્રદર્શન સાથે એમ.બી.બી.એસ. પૂર્ણ કરવા બદલ.



ઇવા પ્રફુલભાઈ ગટેચા (કોડીનાર) ઉચ્ચત્તમ પ્રદર્શન સાથે એમ.બી.બી.એસ. પૂર્ણ કરવા બદલ.

**RNI NO. : GUJ/GUJ/2011/44815**

'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'

Date of Publication : 5th April 2016




**President, Printer and Publisher :** Pravinbhai Kotak, **Editor :** Tarun Dattani

**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon temple, S G Highway, Satellite, Ahmedabad - 380054 (Ph.) 079-40091005

**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)